# વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૫/૧૦/૨૦૨૬

..........................................................................................................................................

**વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની સભા આજ તા.૧૫/૧૦/૨૦૨૬ને ગુરુવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ચેરમેનશ્રીના અધ્યક્ષસ્થાને વાપી મહાનગરપાલિકા મુખ્ય કચેરીના બીજા માળે સભાખંડમાં એજન્ડાના કામોના નિકાલ માટે મળી.**

**જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર/ગેરહાજર રહેલ હતા**

હાજર/ગેરહાજર રહેલ સભ્યશ્રીઓ

| અનુ.નં | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ગેરહાજર |
|---|---|---|---|
| ૧ | શ્રી સતિષભાઈ ગંગારામભાઈ પટેલ | ચેરમેનશ્રી | હાજર |
| ૨ | શ્રી સંદિપભાઇ અમૃતભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૩ | શ્રી યોગેશભાઇ રામુભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૪ | શ્રી કૌશિક પ્રલાદભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૫ | શ્રીમતી સુનિતા ઉમેશચંદ્ર તિવારી | સભ્યશ્રી | હાજર |
| ૬ | શ્રી દેવેન્દ્ર લલ્લુભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૭ | શ્રીમતી દેવલ દિપકભાઇ દેસાઇ | સભ્યશ્રી | હાજર |
| ૮ | તસ્લીમ સુલ્તાન બાબુલ | સભ્યશ્રી | હાજર |
| ૯ | શ્રી ભવલેશ જીવરાજભાઇ કોટડીયા | સભ્યશ્રી | હાજર |
| ૧૦ | શ્રીમતી મનીશાબેન દિનેશભાઇ દાયમા | સભ્યશ્રી | રજારીપોર્ટ |
| ૧૧ | શ્રીમતી ટીનાબેન ભુપેન્દ્રભાઇ હળપતિ | સભ્યશ્રી | હાજર |
| ૧૨ | શ્રીમતી જેતલ મંગેશ પટેલ | સભ્યશ્રી | હાજર |

આજની સભામાં કોરમ થવાથી સભાની આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી. સભ્યશ્રીઓનો રજારીપોર્ટ વંચાણે લઇ તેઓની રજા મંજુર રાખી સભાની આગળની કાર્યવાહી શરુ કરવામાં આવી.

**કામ નં. ૦૧ - વાપી મહાનગરપાલિકાની તા.૨૧/૦૯/૨૦૨૬ના રોજની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધને બહાલી આપવા બાબત.**

વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મીટીંગ તા.૨૧/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે વાપી મહાનગરપાલિકા મુખ્ય કચેરીના બીજા માળે સભાખંડમાં મળી હતી. જે સ્થાયી સમિતિની મીટીંગમાં લેવામાં આવેલ કુલ કામ નં.૦૧ થી ૦૫ અન્વયે થયેલ ચર્ચા વિચારણા બાદ સ્થાયી સમિતિમાં લેવામાં આવેલ નિર્ણય અર્થે થયેલ ઠરાવ નં.૧૪૦ થી ૧૪૪ ને આજની સભામાં સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૪૫**

FOR INFORMATION PURPOSE

**કામ નં. ૦૨ - વાપી મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ કામો માટે SVNIT, સુરત દ્વારા Hydraulic/UGD Design System & Drawings ના Proof Checking તથા મંજુરી માટે કન્સલ્ટનસી ફીસ ની મંજૂરી મેળવવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા પાણી પુરવઠા વિભાગના વિવિધ કામો માટે SVNITને કન્સલટન્સી ફી ની મંજુરી મેળવવા માટેની દરખાસ્ત રજુ કરવામાં આવી જેમાં જણાવ્યા મુજબ વાપી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેના કાર્યક્ષેત્ર હેઠળ પાણી પુરવઠા તથા ડ્રેનેજ વિભાગ સંબંધિત વિવિધ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. આવા કામોના

# વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૫/૧૦/૨૦૨૬

હાઈડ્રોલીક ડીઝાઇન તથા ભૂગર્ભ ગટર વ્યવસ્થાની ડિઝાઇનની તકનીકી પ્રકૃતિ અને મહત્વને ધ્યાનમાં લેતા, પ્રતિષ્ઠિત તકનીકી સંસ્થા દ્વારા ડિઝાઇન અને ડ્રોઈંગસનું પ્રૂફ ચેકિંગ તથા મંજુર કરાવવું જરૂરી છે. આ અનુસંધાને, સંબંધિત ડિઝાઇન અને ડ્રોઈંગસનું પ્રૂફ ચેકિંગ તથા મંજુર કરવા માટે Department of Civil Engineering, Sardar Vallabhbhai National Institute of Technology (SVNIT), Surat સાથે પત્રવ્યવહાર કરવામાં આવેલ છે. SVNIT, Surat દ્વારા નીચે દર્શાવેલ ત્રણ કામો માટે Proposals/Letters રજૂ કરવામાં આવેલ છે:

| ક્રમ નં. | કામનું નામ | SVNIT Letter / Date | Consultancy Charges |
|---|---|---|---|
| 1 | Chanod Water Supply Scheme (Phase-2) for Vapi Municipal Corporation, District: Valsad (Tender ID: 230842) | No. DoCE/cons./PVT/C-2588/2025-26 dated 06-08-2026 | ₹5,60,000/- |
| 2 | Chhiri & Chharwada Water Supply Project for Vapi Municipal Corporation, District: Valsad | No. DoCE/cons./PVT/C-2559/2025-26 dated 21-08-2026 | ₹5,60,000/- |
| 3 | Proof Checking and Approval of Under Ground Drainage Design System & Drawing for the work mentioned in the SVNIT proposal | No. DoCE/cons./PVT/C-2557/2025-26 dated 21-08-2026 | ₹4,75,000/- |
| | **Total Consultancy Charges** | | **₹15,85,000/-** |

**1. Chanod Water Supply Scheme (Phase-2)**

Chanod Water Supply Scheme (Phase-2), Tender ID: 230842 માટે SVNIT, Surat દ્વારા કામના હાઈડ્રોલીક ડીઝાઇન તથા ડ્રોઈંગ્સની ચકાસણી તથા મંજુર કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે.

આ કામગીરીના વ્યાપમાં Detailed Design Report, Collected Data, Computer-based Model/Simulation, Water Distribution Network Design, Computational Models, Detailed Drawings, Longitudinal Sections, Valves તથા અન્ય Featuresના Location, Design Criteria, Assumptions તથા Design Basis નું Proof Checking કરવાનો સમાવેશ થાય છે.

SVNIT દ્વારા પ્રસ્તાવિત Consultancy Charges ₹5,60,000/- (Rupees Five Lakhs Sixty Thousand only) છે, જેમાં તમામ લાગુ પડતા ટેક્ષનો સમાવેશ થયેલ નથી.

**2. Chhiri & Chharwada Water Supply Project**

Chhiri & Chharwada Water Supply Project માટે SVNIT, Surat દ્વારા હાઈડ્રોલીક ડીઝાઇન અને ડ્રોઈંગસ નું પ્રૂફ ચેકિંગ તથા મંજુર કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે.

આ કામગીરીના વ્યાપમાં Detailed Design Report, Computer-based Model/Simulation, Water Distribution Network Design, Longitudinal Sections સાથેના Detailed Drawings, Valves તથા અન્ય Featuresના Location અને અન્ય સંબંધિત Design Criteria, Assumptions તથા Design Basisનું Checking કરવાનો સમાવેશ થાય છે.

SVNIT દ્વારા પ્રસ્તાવિત Consultancy Charges ₹5,60,000/- (Rupees Five Lakhs Sixty Thousand only) છે, જેમાં તમામ લાગુ પડતા Taxesનો સમાવેશ થયેલ નથી.

**3. Underground Drainage (UGD) Design System & Drawing**

UGD કામ માટે SVNIT, Surat દ્વારા Under Ground Drainage Design System & ડ્રોઈંગસ નું પ્રૂફ ચેકિંગ તથા મંજુર કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે.

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૫/૧૦/૨૦૨૬

........................................................................................................................

દરખાસ્ત મુજબ, કામગીરીના વ્યાપમાં Detailed Design Report, Authenticated Data, SEWER GEMSમાં કરવામાં આવેલ Computer-based Model/Simulation, Water/Sewer Network Design, Spreadsheet તથા Computational Modelsની Soft Copy, Underground Drainage Networkના Longitudinal Sections સાથેના Detailed Drawings, Pumping Stationsના Location, Design Criteria, Assumptions, Background તથા Projectના Design Basisનું Checking કરવાનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત UGD કામ માટે SVNIT દ્વારા પ્રસ્તાવિત Consultancy Charges ₹4,75,000/- (Rupees Four Lakhs Seventy-Five Thousand only) છે, જેમાં તમામ લાગુ પડતા Taxesનો સમાવેશ થયેલ નથી.

**Common Terms & Conditions**

SVNIT દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રસ્તાવો મુજબ, 50% ચુકવણી એડવાન્સ માં પ્રાપ્ત થયા બાદ કામગીરી હાથ ધરવામાં આવશે. સંપૂર્ણ અહેવાલ તથા 50% ચુકવણું પ્રાપ્ત થયા બાદ કન્સલ્ટનસી વર્ક ૩૦ કામકાજના દિવસો ની અંદર પૂર્ણ કરવાની દરખાસ્ત છે.

આમ, ડીઝાઇન અને ડ્રોઈંગસ નું પ્રૂફ ચેકિંગ તથા મંજૂરી માટેનો કુલ કન્સલ્ટનસી અંગેનો નીચે

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેતા, Department of Civil Engineering, SVNIT, Surat મારફતે ઉપરોક્ત ત્રણ કામોના ડીઝાઇન અને ડ્રોઈંગસ નું પ્રૂફ ચેકિંગ તથા મંજુરી નું કામ ₹15,85,000/- (ટેક્ષ સિવાય)ના કુલ કન્સલ્ટનસી ચાર્જ પર, SVNIT દ્વારા રજૂ કરવામાં આવેલ નિયમો અને શરતો મુજબ કરાવવા માટે મંજૂરી આપવાની થાય છે.

આથી, ઉપરોક્ત કન્સલ્ટનસી ચાર્જ અંગે વિચારણા તથા જરૂરી મંજૂરી મેળવવા અને SVNIT, Suratને યોગ્ય કાર્ય આદેશો/મંજૂરી જારી કરવા માટે નિયમોનુસાર કાર્યવાહી કરી ટેન્ડરની શરતો અને અને મહાનગરપાલિકાની જરૂરીયાતને આધીન તેને મંજુર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. જે સદરહુ કામની આગળની કાર્યવાહી તથા અમલવારી કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી/નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી/ સીટી ઈજનેરશ્રીને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૪૬**

**કામ નં. 03 - વાપી મહાનગરપાલિકાના પાણી પુરવઠા દ્વારા ડુંગરા ફિલ્ટર પ્લાન્ટ થી નુતનનગર સુધી પાણી પહોચાડવા માટે જીઆઇડીસી ઓફિસ નજીક મામુ ચાય પાસે 500 મી મી ડાયામીટરનો નવો વાલ્વ સ્થાપિત કરવાના કામની મંજૂરી બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા પાણી પુરવઠા વિભાગના ઉપરોક્ત કામ અર્થે દરખાસ્ત રજુ કરવામાં આવી જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકા વિસ્તારને ધ્યાનમાં લેતા, ડુંગરા ફિલ્ટર પ્લાન્ટ થી નુતનનગર સુધી પાણી પહોંચાડવા માટે જીઆઇડીસી ઓફિસ નજીક મામુ ચાય પાસે 500 મી મી ડાયામીટરનો નવો વાલ્વ સ્થાપિત કરવાથી પાણીના નિયંત્રણ તથા સુચારુ વ્યવસ્થાપન માટે જીઆઇડીસી ઓફિસ નજીક મામુ ચાય પાસે 500 મીમી ડાયામીટરનો વાલ્વ સ્થાપિત કરવાની જરૂરીયાત ઊભી થયેલ છે.સદર વાલ્વની સ્થાપના કરવામાં આવે તો કોલીવાડ ફિલ્ટર પ્લાન્ટ પર પાણી નું પ્રમાણ વધશે તેમજ વોટરના પ્રવાહનું જરૂરીયાત મુજબ નિયંત્રણ કરી શકાશે. જેથી નીચે આપેલ માહિતી મુજબના કામો સને 2025 –26ના મંજૂર થયેલ વાર્ષિકભાવે કરાવવા કામ કરવાની જરૂરીયાત છે.

| અનુ | કામનું નામ | રકમ રૂ. |
|---|---|---|
| ૧ | વાપી મહાનગરપાલિકાના ડુંગરા ફિલ્ટર પ્લાન્ટ થી નુતનનગર સુધી પાણી પહોચાડવા માટે જીઆઇડીસી ઓફિસ નજીક મામુ ચાય પાસે 500 મી મી ડાયામીટરનો વાલ્વ સ્થાપિત કરવાનું કામ. | 6,54,674.00 |

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૫/૧૦/૨૦૨૬

.................................................................................................................................................

ઉપરોક્ત કામ માટે આ અંગે આજની સભામાં ચર્ચા વિચારણા બાદ જણાવવામાં આવ્યું કે ઉપરોક્ત કામ બાબતે પાણી પુરવઠા ચેરમેનશ્રી સાથે ચર્ચા પરામર્શ કરી નિયમોનુસાર ટેન્ડર કાર્યવાહી કરી કામગીરી કરાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૪૭**

**કામ નં. ૦૪ - ૧૫મુ નાણાપંચની સને ૨૦૨૧-૨૨ (સ્પેશીયલ હપ્તો(ટાઇડ)) ની ગ્રાન્ટ માંથી બિલનું ચૂકવણું કરવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા પાણી પુરવઠા વિભાગના ઉક્ત કામે ચુકવણું કરવા અર્થેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાકાના પાણી પુરવઠા વિભાગ દ્વારા નીચે દર્શાવેલ લીસ્ટ મુજબ કામ કરવામાં આવેલ છે. જે કામગીરી અંગેના બીલ ઠેકેદારશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ છે. જે કામના ઠેકેદારશ્રીના બીલનું ચૂકવણું કરવાનનું થાય છે. જે બાબતે આજની સભામાં ચર્ચા વિચારણા કરતા સદર હું કામ જે તે સમયે નગરપાલિકા ધ્વારા મંજુર કરી જરૂરી ટેન્ડર પ્રક્રિયા કરી કામગીરી શરુ કરવામાં આવેલ હતું, પરંતુ કામગીરીની પ્રગતિ હોવાના કારણે ચુકવણું બાકી રહેલ છે, જેથી નીચે મુજબ બીલનું ચૂકવણું કરવાના થાય છે.જેને આજની સભામાં સર્વાનુમતે મંજુર કરી નિયમોનુસાર ચુકવણું કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

| ઠેકેદારોના બિલોની વિગત | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વિગત | ઠેકેદારની વિગત | વર્કઓર્ડર નંબર | તારીખ | બિલ નંબર | બિલ તારીખ | રકમ |
| 1 | **Bid Documents for Providing, Supplying, Lowering, Laying & Jointing of Shifting M.S. Pipe, 610 mm Dia., 25.0 Mtr. Length, to Existing 600 mm Dia. D.I. Rising Main Crossing Namdha Khadi Behind Sun Divine Building, Vapi, under the 15th Finance Scheme.** | **Anantshesha Construction** | ૮૮૩ | **15-10-2024** | 237. (ગ્રાંટ માંથી) | **21-12-2024** | ૧૩૭૩૫૦૩ |
| | | | | | 237. (સ્વભંડોળ માંથી) | | ૭૮૨૫૦ |
| **TOTAL** | | | | | | | ૧૪૫૧૭૫૩ |

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૪૮**

**કામ નં. ૦૫ - ૧૫મુ નાણાપંચની સને ૨૦૨૧-૨૨ (સ્પેશીયલ હપ્તો(ટાઇડ)) ની ગ્રાન્ટ માંથી બિલનું ચૂકવણું કરવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા પાણી પુરવઠા વિભાગના ઉક્ત કામે ચુકવણું કરવા અર્થેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાકાના પાણી પુરવઠા વિભાગ દ્વારા નીચે દર્શાવેલ લીસ્ટ મુજબ કામ કરવામાં આવેલ છે. જે કામગીરી અંગેના બીલ ઠેકેદારશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ છે. જે કામના ઠેકેદારશ્રીના બીલનું ચૂકવણું કરવાનનું થાય છે. જે બાબતે આજની સભામાં ચર્ચા વિચારણા કરતા સદર હું કામ જે તે સમયે નગરપાલિકા ધ્વારા મંજુર કરી જરૂરી ટેન્ડર પ્રક્રિયા કરી કામગીરી શરુ કરવામાં આવેલ હતું, પરંતુ કામગીરીની પ્રગતિ હોવાના કારણે ચુકવણું બાકી રહેલ છે, જેથી નીચે મુજબ બીલનું ચૂકવણું કરવાના થાય છે.જેને આજની સભામાં સર્વાનુમતે મંજુર કરી નિયમોનુસાર ચુકવણું કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

| ઠેકેદારોના બિલોની વિગત | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વિગત | ઠેકેદારની વિગત | વર્કઓર્ડર નંબર | તારીખ | બિલ નંબર | બિલ તારીખ | રકમ |
| 1 | **Bid document for proposed Air Valve, Reflux valve & water Hammering controller Device with** | **V.K.Infra** | ૯૬૧ | **07.11.2024** | 17. (ગ્રાંટ માંથી) | **04.11.2025** | ૧૩૮૬૧૫૨ |

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૫/૧૦/૨૦૨૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | all Material for existing 900mm Dia GRP Pipe Line at Intake well at daman ganga river. | | | | 17. (સ્વભંડોળ માંથી) | | ૬૪૮૬૦ |
| TOTAL | | | | | | | ૧૪૫૧૦૧૨ |

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૪૯**

**કામ નં. ૦૬ - વાપી મહાનગરપાલિકા માટે નવા ૦૪(ચાર) મોબાઇલ ટોઇલેટ ખરીદવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા સેનિટેશન વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ સરકારી કાર્યક્રમો, જાહેર કાર્યક્રમો, મેળા, ઉત્સવો, ધાર્મિક કાર્યક્રમો તેમજ અન્ય મોટા જાહેર સમારંભો યોજાતા હોય છે. આવા કાર્યક્રમો દરમિયાન મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહેતા હોવાથી જાહેર જનતા માટે પૂરતી શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવી જરૂરી બને છે હાલમાં વાપી મહાનગરપાલિકા પાસે માત્ર ૦૧ (એક) મોબાઇલ ટોઇલેટ ઉપલબ્ધ છે હાલનું મોબાઇલ ટોઇલેટ પણ જૂનું થઈ ગયેલ હોવાથી તેની સ્થિતિ તથા ઉપયોગિતા મર્યાદિત થયેલ છે. તેમજ વિવિધ સ્થળોએ એકસાથે કાર્યક્રમો યોજાય ત્યારે એક જ મોબાઇલ ટોઇલેટના કારણે જરૂરીયાત મુજબ શૌચાલયની સુવિધા પૂરી પાડવામાં મુશ્કેલી પડે છે જાહેર કાર્યક્રમો દરમિયાન સ્વચ્છતા જળવાઈ રહે, જાહેર સ્થળોએ ગંદકી ન થાય તથા નાગરિકોને સ્વચ્છ અને સુવિધાજનક શૌચાલયની વ્યવસ્થા મળી રહે તે માટે મહાનગરપાલિકા પાસે પૂરતી સંખ્યામાં મોબાઇલ ટોઇલેટ ઉપલબ્ધ હોવા જરૂરી છે.આથી, વાપી મહાનગરપાલિકાની વર્તમાન તથા ભવિષ્યની જરૂરિયાત તેમજ વિવિધ સરકારી અને જાહેર કાર્યક્રમોને ધ્યાનમાં રાખી નવા ૦૪ (ચાર) મોબાઇલ ટોઇલેટ ખરીદવાના થાય છે.

જે બાબતે આજની સભામાં ચર્ચા વિચારણા કરતા આધુનિક ડિઝાઇન અને વૃદ્ધો માટે સુગમ હોય તેવા પ્રાથમિક તબક્કામાં હાલમાં **૦૨ (બે) મોબાઇલ ટોઇલેટ ખરીદવાની** મંજૂરી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૫૦**

**કામ નં. ૭ - વાપી મહાનગરપાલિકા હસ્તકના સ્પોર્ટસ કોમ્પ્લેક્ષના હંગામી ધોરણે સંચાલનના કામ બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા ટાઉન પ્લાનિંગ વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના તા.23/07/2026ના રોજનાં ઠરાવ નં.87 થી શ્રી કૃતિક્ષકુમાર સંજયકુમાર શાહને તા-26/06/2026 થી 2 મહિનાના સમયગાળા માટે હંગામી ધોરણે નિમણૂક કરેલ. તદ્દૂપરાંત, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ વાળી મિલકત માટે તેમણે માસિક ભાડા પેટે રૂ. ૬૫,૦૦૦/-(રૂપિયા પાંસાઠ હજાર માત્ર) (જી.એસ.ટી સિવાય)વાપી મહાનગરપાલિકાને ચૂકવણું કરવાનું તથા જી.એસ.ટી અલગથી ચૂકવવાની શરતે અને વાપી મહાનગરપાલિકાના તમામ નિયમોને આધીન કામીગીરીની સોંપણી કરવામાં આવેલ. જે ૨ મહિનાના સમયગાળાની અવધી તા-૨૬/૦૮/૨૦૨૬ ના રોજ પૂર્ણ થઈ ગયેલ છે.સદરહુ કામ માટે શ્રી કૃતિક્ષકુમાર સંજયકુમાર શાહ દ્વારા તા-૧૮/૦૬/૨૦૨૬ના પત્રથી અત્રેની કચેરીએ અરજી કરી સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં વિભિન્ન રમતગમતની તાલીમ તથા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષના સંચાલનનું કામ માટે એક્સટેન્શનની માંગણી કરેલ છે

જે અન્વયે જણાવવાનું કે, અત્રેની કચેરી દ્વારા સ્થાયી સમિતિના તા.23/07/2026ના રોજનાં ઠરાવ નં.૮૭ થી મળેલ મંજૂરી મુજબ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષનું સંચાલન પાંચ વર્ષ માટે (ઓપરેશન અને મેઈટેનન્સ) ટેન્ડરીંગ પ્રક્રિયા કરી જે-તે એજન્સીને સોંપવાનું થાય છે જે અન્વયે અત્રેની કચેરી દ્વારા જરૂરી મંજૂરી લઈ ટેન્ડર તા-23/08/2026ના રોજ ટેન્ડર અપલોડ કરેલ છે. જે ટેન્ડર ભરવાની છેલ્લી તા-10/09/2026 ના રોજ રાખવામાં આવેલ તથા ટેન્ડર ખોલવાની તા-17/09/2026 ના રોજ રાખવામાં આવેલ હતી. પરંતુ સદર ટેન્ડર અપૂરતા ડોક્યુમેન્ટના કારણે નામંજૂર કરી રેઈન્વાઈટ કરેલ છે. જેની સમયમર્યાદા હાલે ચાલુ છે.

જે અંગે આજની સભામાં ચર્ચા વિચારણા કરતા ટેન્ડરીંગની પ્રક્રિયા ચાલુમાં હોય અને હાલ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે ઘણા સભ્યોની લીધેલ મેમ્બરશીપ રનિંગમાં હોય અને સભ્યોને હાલાકી ન પડે તે જન હિતને ધ્યાને રાખી સદરહુ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષના

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૫/૧૦/૨૦૨૬

સંચાલનનું કામ શ્રી કૃતિક્ષકુમાર સંજયકુમાર શાહ ને તા-૦૭/૦૯/૨૦૨૬ના પત્રથી અગાઉની શરતે અને ભાડાએ તા.૨૬/૦૮/૨૦૨૬થી મહાનગરપાલિકા દ્વારા ચાલી રહેલ ટેન્ડર કાર્યવાહી અંતર્ગત નવી એજન્સીની નિમણુંક ન થાય ત્યાં સુધી સોંપવામાં આવેલ છે. જે કરેલ નિમણૂક તથા અગાઉ નક્કી કરેલ ભાડા અને શરતો અંગેની તમામ કાર્યવાહીને આજની સભામાં સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૫૧**

**કામ નં. ૮ - ચલા ખાતે આવેલ વાપી મહાનગરપાલિકા હસ્તકના સ્વીમીંગ પુલના હંગામી ધોરણે સંચાલનના કામ બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા ટાઉન પ્લાનિંગ વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના તા.23/07/2026ના રોજનાં ઠરાવ નં.85 થી મેસર્સ જે. જી.પ્રોજેક્ટ એંડ સપ્લાયર કો.,પ્રોપ્રાઈટર શ્રી.ગણપત પટેલશ્રીને તા-01/07/2026 થી 2 મહિનાના સમયગાળા માટે હંગામી ધોરણે સ્વિમિંગની તાલીમ આપવા તથા સ્વિમિંગ પુલનાં સંચાલનનું કામ જરૂરી શરતોને આધીન અને વાપી મહાનગરપાલિકા દ્વારા માસિક ચાર્જ પેટે રૂ. ૧,૬૦,૦૦૦/-(રૂપિયા એક લાખ સાઠ હજાર માત્ર) જી.એસ.ટી. સહિત દર મહિને ચૂકવવાની શરતે કામીગીરીની સોંપણી કરવામાં આવેલ. જે 2 મહિનાના સમયગાળાની અવધી તા-30/08/2026ના રોજ પૂર્ણ થયેલ. સદરહુ કામ માટે મેસર્સ જે.જી. પ્રોજેક્ટ એંડ સપ્લાયર કો.,પ્રોપ્રાઈટર શ્રી.ગણપત પટેલ દ્વારા તેમના તા -27/08/2026 ના પત્રથી અત્રેની કચેરીએ અરજી કરી સ્વિમિંગ પુલનાં સંચાલન માટે એક્સટેન્શનની માંગણી કરેલ છે.

જે અન્વયે જણાવવાનું કે, અત્રેની કચેરી દ્વારા સ્થાયી સમિતિના તા.23/07/2026ના રોજનાં ઠરાવ નં.85થી મળેલ મંજૂરી મુજબ સ્વીમીંગ પુલનું સંચાલન પાંચ વર્ષ માટે (ઓપરેશન અને મેઈંટેનન્સ) ટેન્ડરીંગ પ્રક્રિયા કરી જે-તે એજન્સીને સોંપવાનું થાય છે જે અન્વયે અત્રેની કચેરી દ્વારા જરૂરી મંજૂરી લઈ ટેન્ડર તા-23/08/2026ના રોજ ટેન્ડર અપલોડ કરેલ. જે ટેન્ડર ભરવાની છેલ્લી તા-10/09/2026 ના રોજ રાખવામાં આવેલ તથા ટેન્ડર ખોલવાની તા-17/09/2026 ના રોજ રાખવામાં આવેલ હતી. પરંતુ સદર ટેન્ડર અપૂરતા ડોક્યુમેન્ટનાં કારણે નામંજૂર કરી રીઈન્વાઈટ કરેલ છે. જેની સમયમર્યાદા હાલે ચાલુ છે.

જે અંગે આજની સભામાં ચર્ચા વિચારણા કરતા હાલ ટેન્ડરીંગની પ્રક્રિયા ચાલુમાં છે. પરંતુ જે-તે સમયે સ્વિમીંગ પૂલ ખાતે ઘણા સભ્યો/તરવૈયાની લીધેલ મેમ્બરશીપ ચાલુ હતી અને સભ્યો/તરવૈયાને સ્વિમિંગ અંગે હાલાકી ન પડે તે જન હિતને ધ્યાને રાખી સદરહુ સ્વિમિંગની તાલીમ આપવા તથા સ્વિમિંગ પુલનાં સંચાલનનું કામ મેસર્સ જે. જી.પ્રોજેક્ટ એંડ સપ્લાયર કો.,પ્રોપ્રાઈટર શ્રી.ગણપત પટેલશ્રીને મે. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી દ્વારા તા-૦૭/૦૯/૨૦૨૬ના પત્રથી અગાઉની શરતે અને ભાડાએ તા.૦૧/૦૯/૨૦૨૬થી મહાનગરપાલિકા દ્વારા ચાલી રહેલ ટેન્ડર કાર્યવાહી અંતર્ગત નવી એજન્સીની નિમણુંક ન થાય ત્યાં સુધી સોંપવામાં આવેલ છે. જે અન્વયે તેઓએ તા.૦૧/૦૯/૨૦૨૬થી સંચાલન શરૂ કરવામાં આવેલ હતું, પરંતુ તા.૩૦/૦૯/૨૦૨૬ ના રોજ બનેલ ગંભીર ઘટનાના પગલે તાત્કાલિક ધોરણે તેઓને કરાર તા.૦૧/૧૦/૨૦૨૬ ના રોજ મે. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી દ્વારા રદ કરવામાં આવેલ છે. આમ, ઉપરોકત સમગ્ર બાબતોને ધ્યાને લઈ વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરી અને કાર્યવાહીને આજની સભામાં બહાલી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા ઝડપથી નવી એજન્સીની નિમણુક કરવા સુચના આપવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૫૨**

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૫/૧૦/૨૦૨૬

.................................................................................................................................................

**કામ નં. ૯ - રખડતા ઢોર પકડવાની કામગીરી માટે નવું પાંજરું (Cattle Catching Cage) ખરીદવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા સેનિટેશન વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં જાહેર માર્ગો ઉપર રખડતા ઢોરને પકડીને નિયત સ્થળે ખસેડવાની કામગીરી હાલ નિયમિતપણે હાથ ધરવામાં આવી રહી છે ઉક્ત કામગીરી માટે હાલમાં મહાનગરપાલિકા દ્વારા ઉપયોગમાં લેવામાં આવતું ઢોર પકડવાનું પાંજરું આશરે ૩૦ વર્ષ જૂનું છે તથા પાંજરું ઘણી જગ્યાએથી તૂટેલી અને જરિત હાલતમાં હોવાથી તેનો ઉપયોગ કરતી વખતે કામગીરીમાં મુશ્કેલી તેમજ કર્મચારીઓ અને ઢોરની સલામતી અંગે જોખમ ઊભું થવાની શક્યતા રહે છે. રખડતા ઢોર પકડવાની કામગીરી અસરકારક, ઝડપી અને સલામત રીતે કરી શકાય તે માટે હાલના જર્જરિત પાંજરાના સ્થાને મજબૂત અને જરૂરી માપદંડ મુજબનું નવું પાંજરું (Cattle Catching Cage) ખરીદવું જરૂરી જણાય છે.

આથી, ઉક્ત દરખાસ્ત બાબતે આજની સભામાં ચર્ચા વિચારણા કરતા રખડતા ઢોર પકડવાની કામગીરીની સતત જરૂરિયાત તથા કર્મચારીઓની સલામતીને ધ્યાને લઈ નવું પાંજરું (Cattle Catching Cage) ખરીદવા માટે જરૂરી વહીવટી કાર્યવાહી તથા ખરીદવાની મંજૂરી આપવાનું આજની સભામાં સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૫૩**

**કામ નં. ૧૦ - વાપી મહાનગરપાલિકા હદમાં આવેલ મોજે-કરવડના જૂના રે.સ.નં.૨૯૯/પૈકી૧,નવા રે.સ.નં.૩૦૬ વાળી ૭૯૬૫.૦૦ ચો.મી. પૈકીની ૩૦૦૦.૦૦ ચો.મી. જગ્યા ફાયર વિભાગને નવા ફાયર સ્ટેશનના બાંધકામ હેતુસર જમીન ફાળવવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા ટાઉન પ્લાનિંગ વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ તા. ૦૧-૦૧-૨૦૨૫ થી વાપી નગરપાલિકાને મહાનગરપાલિકા તરીકે રાજય સરકારશ્રી ધ્વારા જાહેર કરેલ છે. તથા ૧૧ ગ્રામપંચાયતો વાપી મહાનગરપાલિકામાં ભેળવેલ છે. જેથી રહેણાંક, વ્યવસાયિક અને ઔધ્યોગિક પ્રવૃતિમાં પણ વધારો થયેલ છે. ફાયર ઓફિસર, ફાયર વિભાગ તરફથી મળેલ દરખાસ્ત મુજબ વાપી પૂર્વમાં GIDC ઔધ્યોગિક વિસ્તાર આવેલ છે તથા ડુંગરી ફળિયા,કરવડ વિસ્તાર કે જેમાં મોટા સ્ક્રેપના ગોડાઉન સહિત હાઈ રિસ્ક વિસ્તાર આવેલ છે. હાલમાં વાપી પશ્ચિમ વિસ્તારમાં નાપી મહાનગરપાલિકાનું એક ફાયર સ્ટેશન કાર્યરત છે. વાપીના પૂર્વ વિસ્તારમાં GIDCના પોતાના ફાયર સ્ટેશન હોવા છતાં સમગ્ર પૂર્વ વિસ્તારમાં રહેણાંક, કમર્શિયલ તથા અન્ય વિસ્તારમાં વાપી મહાનગરપાલિકાની ફાયર અને ઈમર્જન્સી સર્વિસની સ્વતંત્ર અને ઝડપી સર્વિસ જાહેર સલામતી તથા જાનમાલના રક્ષણ માટે જરુરી છે.

જે અંગે મોજે-કરવડના જૂના રે.સ.નં.૨૯૯/પૈકી૧, નવા રે.સ.નં.૩૦૬ વાળી ૭૯૬૫.૦૦ ચો.મી. પૈકીની ૩૦૦૦.૦૦ ચો.મી. જગ્યા વાપી મહાનગરપાલિકાની ફાયર અને ઈમર્જન્સી સર્વિસ માટે નવા ફાયર સ્ટેશનના બાંધકામ હેતુસર યોગ્ય જણાય છે. તેથી સદર જગ્યા વાપી મહાનગરપાલિકાને ફરજીયાત હેતુના કામે વિના મૂલ્યે ફાળવવા મે. કલેકટરશ્રી,વલસાડને તારીખ ૧૮/૦૯/૨૦૨૬ નાં રોજ નિયમોનુસાર દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત આજની સભામાં ચર્ચા વિચારણા કરતા ઉપરોક્ત કામગીરી અગત્યની અને ઈમર્જન્સી સર્વિસ બાબતની હોય ઉપરોક્ત જમીન મેળવવા માટે કરેલ કાર્યવાહી અને કામગીરીને આજની સભામાં બહાલી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા આ અંગેની કામગીરી માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.તથા સદરહુ બાબતની મંજૂરી અર્થે આગામી સામાન્ય સભાને ભલામણ કરવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૫૪**

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૫/૧૦/૨૦૨૬

**કામ નં. ૧૧ - મોજે-વટારના જૂના રે.સ.નં.૫૫૪, નવા રે.સ.નં.૧૪૯૩ વાળી ૪૭૦૭.૦૦ ચો.મી. અને મોજે-કરવડના જૂના રે.સ.નં.૧૬૦, નવા રે.સ.નં.૧૬૧૯ વાળી ૬૧૪૩.૦૦ ચો.મી પૈકી ૨૫૦૦.૦૦ ચો.મી વાળી જગ્યા કોમ્યુનિટી હોલ માટે વાપી મહાનગરપાલિકાને ફાળવવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા ટાઉન પ્લાનિંગ વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ તા. ૦૧-૦૧-૨૦૨૫ થી વાપી નગરપાલિકાને મહાનગરપાલિકા તરીકે રાજય સરકારશ્રી ધ્વારા જાહેર કરેલ છે. તથા ૧૧ ગ્રામપંચાયતો વાપી મહાનગરપાલિકામાં ભેળવેલ છે. જાહેર બાંધકામ વિભાગ તરફથી મળેલ દરખાસ્ત મુજબ મોજે-વટાર, કરવડ તથા આજુ બાજુનાં વિસ્તાર/ગામોનાં નાગરિકોને કોમ્યુનિટી હોલની સુવિધા મળી રહે તે માટે વાપી મહાનગરપાલિકાને જમીનની જરૂરિયાત છે. તેથી મોજે-વટારના જૂના રે.સ.નં.૫૫૪,નવા રે.સ.નં.૧૪૯૩ વાળી સરકારી પડતર ૪૭૦૭,૦૦ ચો.મી અને મોજે-કરવડના જૂના રે.સ.નં.૧૬૦, નવા રે.સ.નં.૧૬૧૯ વાળી સરકારી માફી ચરણ ૬૧૪૩.૦૦ ચો.મી પૈકી ૨૫૦૦.૦૦ ચો.મી સરકારી જગ્યા યોગ્ય જણાય છે.તેથી સદર જગ્યા વાપી મહાનગરપાલિકાને કોમ્યુનિટી હોલ હેતુસર વિના મૂલ્યે ફાળવવા મે.કલેકટરશ્રી, વલસાડને નિયમોનુસાર દરખાસ્ત કરવાનું થાય છે.

જે બાબત આજની સભામાં ચર્ચા વિચારણા કરતા ઉપરોક્ત કામગીરી નાગરીકોની સુવિધા હેતુસર ઉપરોક્ત જમીન મેળવવા માટે કરેલ કાર્યવાહી અને કામગીરીને આજની સભામાં બહાલી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા આ અંગેની કામગીરી માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.તથા સદરહુ બાબતની મંજૂરી અર્થે આગામી સામાન્ય સભાને ભલામણ કરવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૫૫**

**કામ નં. ૧૨ - વાપી મહાનગરપાલિકાના પાણી પુરવઠા દ્વારા વિવિધ વિસ્તારોમાં પાણીના પ્રેશરની સમસ્યાના નિવારણ માટે પાણીની લાઈન અપગ્રેડ કરવાની કામગીરી કરાવવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા પાણી પુરવઠા વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકાના ગીતાનગરના વિવિધ વિસ્તારમા પાણીના ઓછા પ્રેશર અંગેની ફરિયાદો પ્રાપ્ત થયેલ છે. સદર વિસ્તારમાં પાણીનું પ્રેશર ઓછું હોવાના કારણે સ્થાનિક રહેવાસીઓને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહેવામાં મુશ્કેલી પડતી હોવાનું જણાય છે. વધુમાં, ગીતાનગર મુખ્ય માર્ગ પાસે નવા RCC રોડનું કામ હાથ ધરવાનું આયોજન હોય, જેથી રોડનું કામ શરૂ થાય તે પહેલાં સદર વિસ્તારો ની પાણીની લાઈનને અપગ્રેડ કરવાની કામગીરી કરવી અત્યંત જરૂરી જણાય છે. જેથી નીચે આપેલ માહિતી મુજબના કામો સને 2025 –26ના મંજૂર થયેલ વાર્ષિકભાવે કરાવવા કામ કરવાની જરૂરીયાત છે.

| અનુ | કામનું નામ | રકમ રૂ. |
|---|---|---|
| 1 | વાપી મહાનગરપાલિકાના સર્વૈયા નગર, એમ.એમ. પાર્ક તથા દયારામભાઈની ચાલ વિસ્તારમાં ઓછા પાણીના દબાણની સમસ્યાના નિવારણ માટે જીવદમી મેડિકલ થી ઇકબાલ પાણી ફિલ્ટર સુધી પાણીની લાઈન અપગ્રેડ કરવાનું કામ | ૧૧,૧૬,૮૦૭ |
| 2 | વાપી મહાનગરપાલિકાના મોની બાબા મંદિર વિસ્તારમાં પાયલ મેડિકલ થી મહાદેવ કેર વોશ પાસે ઓછા પાણીના પ્રેશરની સમસ્યાના નિવારણ માટે પાણીની લાઈન અપગ્રેડ કરવાનું કામ | ૧૧,૯૬,૮૩૬ |
| 3 | વાપી મહાનગરપાલિકાના ગીતા નગર મુખ્ય માર્ગ પર ગુજરાતી શાળાથી માજીસા ડેરી સુધીની પાણીની લાઈન અપગ્રેડ કરવાનું કામ | ૧૩,૦૫,૯૫૫ |

ઉપરોક્ત કામ માટે આજની સભામાં ચર્ચા વિચારણા બાદ નક્કી કરવામાં આવે છે કે ઉપરોક્ત કામ જરૂરીયાતને આધીન નાગરીકોને સુવિધા મળી રહે તે હેતુસર નિયમોનુસાર ટેન્ડર કાર્યવાહી કરી કામગીરી કરાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૫૬**

FOR INFORMATION PURPOSE

---

**કામ નં. ૧૩ - વાપી મહાનગરપાલિકા વિવિધ વિસ્તારમાં આવેલ નેતાજી સુભાષચંદ્ર બોઝ ઉદ્યાનને ડેવલપ કરવાનું કામ.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા બાંધકામ વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ નેતાજી સુભાષચંદ્ર બોઝ ઉદ્યાનને ડેવલપ કરવાના કામે અત્રેની કચેરીએથી તા.૨૩/૦૩/૨૦૨૬ના રોજ ઠેકેદારશ્રી ભરતકુમાર એ. ઓડેદરા, વલસાડને કામગીરી શરૂ કરવા વર્કઓર્ડર આપવામાં આવેલ હતો જે અન્વયે ઠેકેદારશ્રી દ્વારા કામગીરી શરૂ કરવામાં આવેલ, જે કામે ઠેકેદારશ્રી દ્વારા જણાવેલ કે સદર કામગીરી દરમિયાન જનસેવા હોસ્પિટલના ટ્રસ્ટીઓ દ્વારા ઉપરોક્ત કામે વાંધો ઉઠાવવામાં આવેલ છે. જેમાં બાંધકામ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ નકશા-અંદાજ મુજબ દર્શાવેલ સ્થળે રસ્તો ન બનાવી બીજા સ્થળે રસ્તો બનાવવા માટે તેમજ રસ્તાને વધુ પહોળો કરવા માટે રજૂઆત કરવામાં આવેલ છે. અને હાલે સદર કામગીરી તેઓ દ્વારા અટકાવવામાં આવેલ છે. જે બાબતે આજની સભામાં ચર્ચા વિચારણા કરતા સદર હું સ્થળે વિવિધ યુટીલીટી અને રસ્તા માર્જીનને ધ્યાને લેતા મૂળ નકશા-અંદાજ મુજબ કામગીરી કરાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા કામગીરી સ્થળ પર વાસ્તવિક રીતે પુનઃ શરૂ થાય ત્યારથી જ સમયમર્યાદા ગણવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૫૭**

**કામ નં. ૧૪ - વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ગીતાનગર પે એન્ડ યુઝ ટોયલેટ થી ટાંકી ફળિયા સુધી આર.સી.સી રોડ બનાવવાનું કામ**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા બાંધકામ વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ગીતાનગર પે એન્ડ યુઝ ટોયલેટ થી ટાંકી ફળિયા સુધી રસ્તા પર વાયડનીંગ અને વરસાદી પાણીની બોક્ષ ગટરલાઇન સાથે કુલ-૯ મીટર પહોળો નવો રસ્તો બનાવવાની કામગીરી અત્રેના બાંધકામ વિભાગ દ્વારા આયોજન કરીને કામગીરી શરૂ કરવામાં આવેલ છે. પરંતુ ઠેકેદારશ્રી યશ એન્ટરપ્રાઈઝ, બોરીવલીનો તા.૩૦/૧૨/૨૦૨૫ હેઠળના પત્ર મારફત ઠેકેદારશ્રી દ્વારા સ્થળ પર વિવિધ જગ્યાએ લીધેલ આયોજન મુજબની રસ્તાની પહોળાઈ મળતી ન હોય, જેથી સદરહુ રસ્તા ઉપર આવેલ દબાણ દૂર કરવામાં આવે તો જ સદર કામગીરી થઈ શકે એમ હોવાનું જણાવેલ છે. જેથી સદર બાબતે અત્રેના વિભાગ દ્વારા ટાઉન પ્લાનિંગ વિભાગને પત્ર જા.નં.બાંધકામ/રજી.૧/વશી.૨૧૪૬/૨૦૨૫-૨૬ તા.૧૭/૦૧/૨૦૨૬ હેઠળના પત્રથી દબાણ દૂર કરવા માટે જાણ કરવામાં આવેલ છે. પરંતુ દબાણ દૂર ન થવાના કારણે કામગીરી આગળ થઈ શકી ન હોય, જેથી સદર કામે ઠેકેદારશ્રી યશ એન્ટરપ્રાઈઝ, બોરીવલી નો તા.૨૭/૦૮/૨૦૨૬ હેઠળના પત્રથી કામ રદ કરવા તેમજ સદર કામની બેન્ક ગેરંટી રિલીસ કરવા માટે રજૂઆત કરવામાં આવેલ છે. જેથી સદર કામગીરી રદ કરવા જરૂરી નિર્ણય કરવાનો થાય છે. અને જે કામગીરી રદ કરવામાં આવે તો કામગીરી રદ કર્યા બાદ ઠેકેદાર દ્વારા રજૂ કરવામાં આવેલ બેન્ક ગેરંટી પરત કરવાની થાય છે. જે બાબતે આજની સભામાં ચર્ચા વિચારણા કરતા સ્થળ પર વિવિધ જગ્યાએ લીધેલ આયોજન મુજબની રસ્તાની પહોળાઈ મળતી ન હોય હાલમાં તાત્કાલિક ધોરણે જે તે સ્થિતિમાં કામગીરી રદ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા સદર હું રસ્તા ઉપર જરૂરી થતી કામગીરી મહાનગરપાલિકાના સ્વભંડોળમાંથી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૫૮**

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૫/૧૦/૨૦૨૬

**કામ નં. ૧૫ - વાપી ખાતે LC No.80 પાસે Km. 172/1069 થી 172/1067 વચ્ચે પ્રસ્તાવિત RCC Box Subwayના કામ માટે વધારાની રકમ જમા કરવા બાબત.વિષય:- વાપી ખાતે LC No.80 પાસે Km. 172/1069 થી 172/1067 વચ્ચે પ્રસ્તાવિત RCC Box Subwayના કામ માટે વધારાની રકમ જમા કરવા બાબત.**

Western Railway દ્વારા તા. 11/02/2021 ના પત્રથી ઉપરોક્ત કામ માટે કુલ ₹8,15,93,551/- ની Provisional Estimate રકમ જમા કરાવવા જણાવવામાં આવેલ હતી. તે અન્વયે નગરપાલિકા દ્વારા અગાઉ નીચે મુજબ રકમ જમા કરવામાં આવેલ છે.

તા. 26/02/2021 ના રોજ ₹5,52,00,352/- અને તા.29/11/2023 ના રોજ ₹2,63,93,199/- આમ કુલ ₹8,15,93,551/- જમા કરવામાં આવેલ છે. Western Railwayના તા.22/06/2026 ના પત્રથી જણાવવામાં આવેલ છે કે બાકી કામ માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કામ ₹5,26,34,042.72/- ના Contract Valueથી આપવામાં આવેલ છે તથા કામના ખર્ચમાં વધારો થયેલ હોવાથી વધારાની રકમ જમા કરાવવાની રહે છે. રેલવે દ્વારા કુલ ₹ 1,06,80,177.78/- વધારાની રકમ જમા કરાવવા જણાવવામાં આવેલ છે, જેમાં:- NIT amount કરતાં વધારાના ખર્ચ પેટે ₹ 91,80,177.78/- અગાઉના પત્રમાં જણાવેલ વધારાની રકમ પેટે ₹15,00,000/- આમ કુલ ₹ 1,06,80,177.78/- થાય છે. રેલવેના પત્ર મુજબ ઉપરોક્ત Estimate Provisional છે અને કામ પૂર્ણ થયા બાદ Actual Cost નક્કી કરી હિસાબનું અંતિમ Settlement કરવામાં આવશે. આથી રેલવે વિભાગની માંગણી મુજબ ₹1,06,80,177.78/- ની વધારાની રકમ Demand Draft દ્વારા જમા કરાવવાની થાય છે સદરહુ બાબતે આજ ની સભામાં વધારાની જમા કરાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૫૯**

- વધુ માં આજની સભામાં નિર્ણય લેવામાં આવ્યો કે રેલવે વિભાગ દ્વારા વાપી મહાનગરપાલિકાની જે યુટિલિટીઝ (જેવી કે પાણીની પાઇપલાઇન, ડ્રેનેજ લાઇન, આરોગ્ય/સફાઈ વિભાગ દ્વારા કરવામાં આવતી સાફ-સફાઈ વગેરે) નો ઉપયોગ કરવામાં આવતો હોય, તે બદલના ચાર્જીસ/બિલ તૈયાર કરી રેલવેને ડિમાન્ડ બિલ આપવું તથા રેલવે પાસેથી લેણી નીકળતી આ રકમનું બિલ આપ્યા બાદ અને તેનો મેળ બેસાડ્યા બાદ જ સામે-સામે આખરી સેટલમેન્ટ (Final Settlement) ની કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**કામ નં. ૧૬ - વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં (૧) જ્ઞાનસાગર સ્કુલ થી ધનલક્ષ્મી દુકાન સુધી ટાંકીફળિયા મુખ્ય માર્ગ ઉપર સ્ટ્રોમ વોટર ડ્રેઈન સહિતનો રોડ (૨) લબ્ધિચોક થી ઝંડાચોક તથા પોલીસ સ્ટેશન થી પોસ્ટ ઓફીસ સુધી સ્ટ્રોમ વોટર ડ્રેનેજ સહિત રોડ બનાવવાનું કામની સમયમર્યાદા વધારવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા બાંધકામ વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં (૧) જ્ઞાનસાગર સ્કુલ થી ધનલક્ષ્મી દુકાન સુધી ટાંકીફળિયા મુખ્ય માર્ગ ઉપર સ્ટ્રોમ વોટર ડ્રેઈન સહિતનો રોડ (૨) લબ્ધિચોક થી ઝંડાચોક તથા પોલીસ સ્ટેશન થી પોસ્ટ ઓફીસ સુધી સ્ટ્રોમ વોટર ડ્રેનેજ સહિત રોડ બનાવવાનાં કામે ઠેકેદારશ્રી મેં. જે.એમ.શાહ, મરોલી, નવસારીને તા-૦૨/૧૨/૨૦૨૫ ના રોજ ૦૯ માસની સમયમર્યાદાનો સમય આપી વર્કઓર્ડર આપવામાં આવેલ હતો જે અન્વયે ઠેકેદારશ્રી દ્વારા કામગીરી શરૂ કરવામાં આવેલ હતી. પરંતુ ચાલુ કામ દરમ્યાન પાણી પુરવઠા વિભાગ દ્વારા ઘરના નળ જોડાણ આપવાની કામગીરીમાં ખૂબ જ વિલંબ થવાના લીધે તથા લીકેજ થવાથી પાણીનો ભરાવો થવાથી રોડનું બેઝ વર્ક પૂર્ણ કરવામાં ઘણો જ સમય થયેલ હતો તથા ઝંડાચોક થી સરદાર ચોક સુધીના માર્ગ ઉપર બેઝ વર્કની કામગીરી પૂર્ણ થયા બાદ GUDC દ્વારા ભૂગર્ભ ગટરની નવેસરથી

FOR INFORMATION PURPOSE

લાઈનો નાંખવાની કામગીરી શરૂ કરવામાં આવેલ હોય અને જે કામ પૂર્ણ કરવામાં તેઓ દ્વારા વિલંબ કરેલ હોય જેથી તેઓની કામગીરી પૂર્ણ થયા બાદ જ રોડ ઉપર નુકશાન થયેલ ભાગમાં ફરીથી બેઝ વર્કની કામગીરી કરી ડામરનું કામ કરવામાં વિલંબ થયેલ હતો જેથી ઠેકેદાર દ્વારા સદર કામની સમયમર્યાદા વધારવા માટે રજૂઆત કરવામાં આવેલ છે. જે ઉપરોક્ત વિગતોને ધ્યાને લઇ સદર બંને કામની સમયમર્યાદા આગામી તા-૩૧/૦૩/૨૦૨૭ સુધી વધારી આપી મૂળ કામના ઠેકેદાર પાસે કામગીરી કરાવવા તથા સમયમર્યાદા વધારવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૬૦**

**કામ નં. ૧૭ - વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ચંડોર થી મોહનગામને જોડતો દમણગંગા નદી ઉપર ઓવરબ્રીજ બનાવવાના કામે મંજુરી આપવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા બાંધકામ વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં હાલે વાપી થી ઉમરગામ તાલુકાને જોડતો દમણગંગા નદી ઉપર કોઈ ઓવરબ્રીજ ન હોવાથી ઉમરગામ તરફ જવા માટે વાહન ચાલકોને દમણ થઈને જવું પડે છે. જે ફેરાવો અંદાજે ૭ થી ૧૦ કિલોમીટર જેટલો થાય છે. અને વાપી તાલુકા થી ઉમરગામ તાલુકામાં જવા માટે હાલે ફક્ત એક જ ને.હા.નં.૪૮ નો જ ઉપયોગ કરવો પડે એમ છે. જેથી વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ચંડોર થઇ મોહનગામ તથા ભિલાડ, સરીગામ તરફ જવા માટે ઓવરબ્રીજ બનાવવામાં આવે તો વાપીમાં આવેલ ઔદ્યોગિક અને વાણિજય એકમો તથા ઉમરગામ તાલુકામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં આવવા જવા માટે એક સારા બાયપાસ રસ્તા તરીકેની સુવિધા ઉપલબ્ધ થઇ શકે એમ છે. વધુમાં વાપીને લાગુ આવેલ સંઘ પ્રદેશ દમણમાં પણ મોટા ઔદ્યોગિક એકમો પણ આવેલ હોય જેનો ટ્રાફિક વ્યવહાર પણ વાપી શહેર થઈને જ જાય છે. જેના કારણે શહેરમાં ટ્રાફિકનું ભારણ વધુ પ્રમાણમાં રહે છે. આમ ઉપરોકત બ્રિજ બનાવવામાં આવે તો વાપી જે ટાઈપ બ્રિજ થી નામધા ચંડોર થઇ સદર બ્રિજ થી સરળ રીતે અવર જવર કરી શકે એમ છે. આમ નાગરિકોને તથા ઔદ્યોગિક અને વાણિજય એકમો વધુ પડતો ફેરવો અટકી શકે છે. અને વાપીનું ટ્રાફિક ભારણ ઓછું થઇ શકે એમ છે. જેથી ઉપરોકત હકીકત ધ્યાને લઇ વાપીના ઔદ્યોગિક એકમો અને ઉમરગામ તાલુકામાં આવેલ ઔદ્યોગિક એકમો અને સંઘ પ્રદેશ દમણનાં ઔદ્યોગિક એકમોનાં તથા નોકરિયાત વર્ગ તથા નાગરિકોના હિતને ધ્યાને રાખી ખાસ કિસ્સા તરીકે સદર પ્રોજેકટને મંજુર કરી વાપી ચંડોર થી મોહનગામને જોડતો દમણગંગા નદી ઉપર ઓવરબ્રીજ બનાવવાના અંદાજે રૂ.૮૪.૬૪ કરોડના કામને મંજુરી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા આ અંગેની દરખાસ્ત ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગરને કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૬૧**

**કામ નં. ૧૮ - વાપી મહાનગરપાલિકાના સેનીટેશન વિભાગ દ્વારા વસુલ કરવામાં આવતી દંડ/વહીવટી ચાર્જની રકમનો સ્વચ્છતા સંબંધિત IEC (Information, Education & Communication) પ્રવૃતિઓ માટે ઉપયોગ કરવા મંજૂરી આપવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા સેનિટેશન વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં જાહેર સ્વચ્છતા જાળવવા, ઘન કચરાનું યોગ્ય વ્યવસ્થાપન કરવા તથા નાગરિકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા માટે સેનીટેશન વિભાગ દ્વારા નિયમિત ધોરણે વિવિધ કામગીરી કરવામાં આવે છે. શહેરમાં સ્વચ્છતા જાળવવા માટે નાગરિકો, વેપારીઓ, સંસ્થાઓ તથા અન્ય સંબંધિત વ્યક્તિઓ દ્વારા સ્વચ્છતા સંબંધિત નિયમોનું પાલન કરવામાં આવે તે માટે મહાનગરપાલિકા દ્વારા સમયાંતરે જાગૃતિ કાર્યક્રમો તેમજ જરૂરી અમલીકરણની કામગીરી હાથ ધરવામાં આવે છે.વાપીમહાનગરપાલિકા વિસ્તારમાં જાહેર સ્થળોએ કચરો ફેંકવો, કચરાનું યોગ્ય રીતે વર્ગીકરણ ન કરવું, ગંદકી ફેલાવવી, પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ/વપરાશ કરવો, જાહેર સ્થળોની સ્વચ્છતા અંગેના નિયમોનો ભંગ કરવો તથા ઘન કચરા વ્યવસ્થાપન સંબંધિત અન્ય નિયમોના ઉલ્લંઘન બદલ મહાનગરપાલિકાના લાગુ

FOR INFORMATION PURPOSE

નિયમો/જોગવાઈઓ મુજબ દંડ/વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવે છે. આ રીતે વસુલ થતી રકમ મહાનગરપાલિકાની આવકમાં જમા કરવામાં આવે છે.

શહેરમાં સ્વચ્છતા અંગેની કામગીરીને માત્ર દંડાત્મક કાર્યવાહી પૂરતી મર્યાદિત રાખવાને બદલે જાગૃતિ, સમજણ અને નાગરિકોની સહભાગિતાના માધ્યમથી સ્વચ્છતા સંબંધિત વર્તણૂકમાં સકારાત્મક પરિવર્તન લાવવું પણ જરૂરી છે. આ હેતુસર IEC પ્રવૃત્તિઓ મહત્વપૂર્ણ સાધન તરીકે ઉપયોગી બની શકે છે. સેનીટેશન વિભાગ દ્વારા વસુલ કરવામાં આવતી દંડ/વહીવટી ચાર્જની રકમમાંથી, સક્ષમ સત્તાધિકારીની મંજૂરી તથા પ્રવર્તમાન નાણાકીય નિયમો અને મહાનગરપાલિકાની લાગુ જોગવાઈઓને આધીન રહી, સ્વચ્છતા તથા ઘન કચરા વ્યવસ્થાપન સંબંધિત IEC પ્રવૃત્તિઓ હાથ ધરવાની દરખાસ્ત રજુ થયેલ છે.જે બાબતે આજની સભામાં ચર્ચા વિચારણા કરતા વિભાગ ધ્વારા વસુલવામાં આવતી દંડ ની રકમ જેનો હેતુ મહાનગરપાલિકાની આવક કરવાનો નથી પરતું લોકોમાં સફાઈ પ્રત્યેય સજાગ બને તે હેતુ રહેલ છે. જેથી આવી વસુલવામાં આવતી રકમ જો લોકોની જનજાગૃતિ પાછળ વાપરવામાં આવે તો મહાનગરપાલિકાને સ્વચ્છ અને સુંદર બનાવી શકાય તેમ છે. જેથી રજુ કરેલ દરખાસ્તને આજની સભામાં સર્વાનુમતે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે. જે IEC પ્રવૃત્તિઓ હેઠળ મુખ્યત્વે નીચે મુજબની કામગીરી હાથ ધરી શકાય છે:-

૧. સ્વચ્છતા અંગે જનજાગૃતિ અભિયાન – નાગરિકોને જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા તથા શહેરને સ્વચ્છ રાખવા અંગે જાગૃત કરવા.
૨. કચરાનું સ્ત્રોત પર વિભાજન – ભીનો, સૂકો તથા અન્ય કચરો અલગ-અલગ આપવા અંગે ઘર, દુકાન, સંસ્થા તથા બજાર વિસ્તારોમાં જાગૃતિ ફેલાવવી.
૩. ડોર-ટુ-ડોર કચરા સંગ્રહ અંગે જાગૃતિ – નાગરિકોને નિયમિત ડોર-ટુ-ડોર કચરા સંગ્રહ વ્યવસ્થાનો યોગ્ય ઉપયોગ કરવા તથા કચરો ખુલ્લામાં ન નાખવા અંગે માર્ગદર્શન આપવું.
૪. પ્લાસ્ટિક મુક્તિ અંગે IEC – સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગને ઘટાડવા તથા તેના વિકલ્પોના ઉપયોગ અંગે વેપારીઓ અને નાગરિકોમાં જાગૃતિ લાવવી.
૫. બેનર, પોસ્ટર, હોર્ડિંગ તથા પેમ્ફલેટ – શહેરના મુખ્ય સ્થળો, બજારો, શાળા-કોલેજો, રહેણાંક વિસ્તારો તથા જાહેર સ્થળોએ સ્વચ્છતા સંદેશાઓ પ્રદર્શિત કરવા.
૬. દિવાલ લેખન/સ્વચ્છતા સંદેશા – નાગરિકોમાં સ્વચ્છતા, કચરા વિભાજન, જાહેર સ્થળોની સ્વચ્છતા તથા પર્યાવરણ સંરક્ષણ અંગે સતત સંદેશ પહોંચાડવા.
૭. શાળા તથા શૈક્ષણિક સંસ્થાઓમાં જાગૃતિ કાર્યક્રમો – વિદ્યાર્થીઓ મારફતે સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન અંગે જાગૃતિ વધારવી તથા સ્વચ્છતા અંગેના સંદેશાઓ સમાજ સુધી પહોંચાડવા.
૮. બજાર તથા વ્યાપારી વિસ્તારોમાં જાગૃતિ – વેપારીઓને કચરો નિર્ધારિત સ્થળે આપવા, દુકાનની આસપાસ સ્વચ્છતા જાળવવા તથા પ્લાસ્ટિકના ઉપયોગ અંગેના નિયમોનું પાલન કરવા પ્રેરિત કરવા.
૯. વિશેષ સ્વચ્છતા અભિયાન – રાષ્ટ્રીય/રાજ્ય કક્ષાના સ્વચ્છતા અભિયાન, સ્વચ્છતા પખવાડિયા, વિશેષ દિવસો તથા મહાનગરપાલિકા દ્વારા આયોજિત સ્વચ્છતા કાર્યક્રમો દરમિયાન IEC પ્રવૃત્તિઓ હાથ ધરવી.
૧૦. નાગરિક સહભાગિતા વધારવા માટેની પ્રવૃત્તિઓ – RWA, વેપારી મંડળો, શૈક્ષણિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, યુવા સંગઠનો તથા અન્ય હિતધારકોને જોડીને સ્વચ્છતા અંગેના કાર્યક્રમો યોજવા.

આ પ્રકારની IEC પ્રવૃત્તિઓ દ્વારા નાગરિકોમાં સ્વચ્છતા અંગે સતત જાગૃતિ ઊભી કરી શકાય તેમ છે તથા માત્ર દંડ વસુલ કરવાની કાર્યવાહી કરતાં જાગૃતિ અને નાગરિક સહભાગિતાના માધ્યમથી સ્વચ્છતા નિયમોનું પાલન વધારવામાં મદદ મળી શકે છે.આથી, વાપી મહાનગરપાલિકાના સેનીટેશન વિભાગ દ્વારા વસુલ કરવામાં આવતી દંડ/વહીવટી ચાર્જની રકમમાંથી, લાગુ નાણાકીય નિયમો, બજેટ જોગવાઈ તથા સક્ષમ સત્તાધિકારીની મંજૂરીને આધીન રહી, સ્વચ્છતા અને ઘન કચરા વ્યવસ્થાપન સંબંધિત IEC પ્રવૃત્તિઓ માટે જરૂરી ખર્ચ કરવાની મંજૂરી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૫/૧૦/૨૦૨૬

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૬૨**

**કામ નં. ૧૯ – વાપી મહાનગરપાલિકાના સેનિટેશન વિભાગ માટે સને-૨૦૨૬-૨૭ના વાર્ષિકભાવે ટ્રેક્ટર ટ્રેલર, જેસીબી,જેસીબી** બ્રેકર,હિટાચી મશીન, હાઈડ્રા મશીન, ડ્રાઈવર તથા ડીઝલ મેન્ટેન્સ સાથે ભાડેથી પૂરું પાડવા બાબત

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા સેનિટેશન વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ વોર્ડમાંથી નીકળતા વધારાના કચરાના સમયસર ઉપાડ, સ્થળાંતર તથા યોગ્ય નિકાલની કામગીરી સેનિટેશન શાખા દ્વારા કરવામાં આવે છે. આ કામગીરી દરમિયાન કચરાનો જથ્થો વધુ હોય અને સ્થળ પર માણસ દ્વારા મેન્યુઅલ કામગીરી ન થઇ શકે તેવા સંજોગોમાં હાઈવા, જેસીબી તથા ક્રેન જેવા વાહનો/મશીનરીની જરૂરિયાત ઊભી થાય છે. હાલમાં આવી જરૂરિયાત મુજબ કામગીરી કરવા માટે હાઈવા, જેસીબી તથા ક્રેન ભાડેથી મેળવવાની વ્યવસ્થા જરૂરી છે. જેથી સેનિટેશન શાખાની કામગીરીમાં કોઈ વિલંબ ન થાય તથા વિવિધ વોર્ડમાંથી નીકળતા વધારાના કચરાનો સમયસર ઉપાડ અને નિકાલ કરી શકાય.

આથી, ઉપરોક્ત કામગીરી માટે જરૂરિયાત ઊભી થાય ત્યારે હાઈવા, જેસીબી તથા ક્રેન ભાડેથી મંગાવી શકાય તે માટે નવું ટેન્ડર કરવા માટે રજૂઆત કરવામાં આવેલ છે. જેની આજની સભામાં ચર્ચા વિચારણા કરતા ઉપરોક્ત કામને મંજુર કરી નિયમોનુસાર ટેન્ડર કરી ભાવો મંગાવવાનું ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૬૩**

**કામ નં. ૨૦ – વાપી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શેરી સફાઇ અને ઝાડી કાપવા/ઉપાડવા વગરે માટે એજન્સીઓના એમપેનલમેન્ટ માટે રસની અભિવ્યક્તિ તેમજ એકત્રિત કચરાના પરિવહન માટે સાધનો અને વાહનો પુરા પાડવાનું કામ.( ટેન્ડર આઇ.ડી. 330900)**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા સેનિટેશન વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં વોર્ડ વાઈઝ શેરી સફાઈ અને ઝાડી કાપવા/ઉપડાવવા વગેરે માટે એજન્સીઓના એમપેનલમેન્ટ માટે રસની અભિવ્યક્તિ તેમજ એકત્રિત કચરાના પરિવહન માટે સાધનો અને વાહનો પુરા પડવાનું કામ માટે ઓનલાઇન ટેન્ડર કરવામાં આવેલ. સદર હું કામ માટે કૂલ-૧૩ એજન્સી આવેલ હતી. જે પૈકી એક એજન્સી સપ્તસુંગી લેબર સપ્લાય,વાપી ના ડોક્યુમેન્ટ અપૂરતાના કારણોસર રદ કરવામાં આવેલ છે. જેથી કૂલ-૧૨ એજન્સીના ફાઈનાન્સીયલ બીડ ઓપન કરતા નીચે મુજબની એજન્સીઓ દ્વારા ભાવ ભરવામાં આવેલ છે.

| **Tender ID No**.330900. **Name of Work**: Expression of Interest for Empanelment of Agencies for Street Sweeping, Conservancy Cleaning, and Bush Cutting/Uprooting etc. along with equipment and vehicles for transportation of collected Waste for Vapi Municipal Corporation, Gujarat | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **Name of Party** | | | | | એવી ક્યોર એન્વાયરમેન્ટસીસ્ટમ,સુરત | સી.ડી. ટ્રાન્સપોર્ટ,વાપી | જે કચરે વાલા, રાજકોટ | એલ.એ.વણકર,વાપી | હરીશ્રી બિલ્ડકોનએલ એલપી,સુરત | ડી.આર.કન્સ્ટ્રકશન,સુરત | આકાર કન્સ્ટ્રકશન,અંકલેશ્વર | કોનાર્ક ઇન્ફ્રાસ્ટ્રકચર લિ,ઉલ્હાસનગર | જાનવી કન્સ્ટ્રકશન,જામનગર | ભગવતી ફાઊનડેશન, સુરત | દરબાર વેસ્ટકોર્પોરેશન,સુરત | કરણી કોર્પોરેશન,સુરત |
| **Item Number** | **Item Description** | **Qty** | **Unit** | **Estimate Rate** | **Tender Quoted Rate** | | | | | | | | | | | |

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૫/૧૦/૨૦૨૬

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Empanelment of Agencies for Street Sweeping, Conservancy Cleaning, and Bush Cutting or Uprooting etc. along with equipment and vehicles for transportation of collected Waste for Vapi Municipal Corporation, Gujarat 1. Cadre Un Skilled 2. Minimum Wages according to Un Skilled Category INR 512.50 Per Day As per EOI 3. Service Charges at Minimum 3.85 percentage INR 19.73 Per Day 4. Bonus will be paid once in 6 months and to/for whom who completes 6 months at 8.33 percentage INR 42.69 5. EPF at 13 percentage INR 57.74 6. ESIC at 3.25 percentage INR 14.44 Total Minimum Wages Per Day 2 plus 3 in INR 532.23 All above Formulas Calculation must be follow as per EOI | 1 | Per Day Per Worker | 647.1 | 652.98 | 669.37 | 677.37 | 668.37 | 673.15 | 666.87 | 669.97 | 671.07 | **647.1** | **647.1** | **647.1** | **647.1** |
| 2 | Tipper or Tractor with Hydraulic Trolley Vehicle to transport Collected Waste up to dumping Site Rates including driver and Fuel Charges Two Suitable tipper vehicle per ward | 2 | Rate Per Day | 0.00 | **1938.61** | 2342.00 | 2450.00 | 2541.00 | 2543.78 | 2589.50 | 2642.60 | 2643.70 | 4019.73 | 4019.73 | 4019.73 | 4019.73 |

As per Compartive statement FOR Item No. 1, L1 are four firms viz. M/s Bhagwati Foundation, M/s Darbar Waste Corporation, M/s Jahanvi Construction, and M/s Karni Corporation; for Item No. 2, L1 is **ENVICURE ENVIRONMENTAL SYSTEMS** as per Tenderer Quoted rate in Item No.01 is **Rs.647.10/- and Item No.02 is Rs.1938.61/-**

ઉપરોક્ત એજન્સીઓના ભાવ જોતા આઈટમ નં-૧માં L1 તરીકે ૪ એજન્સીઓ આવેલ છે,જેવી કે (૧) જાનવી કન્સ્ટ્રકશન જામનગર, (૨) ભગવતી ફાઊનડેશન સુરત, (૩) દરબાર વેસ્ટકોર્પોરેશન સુરત , (૪) કરણી કોર્પોરેશન,સુરત આવેલ હોય અને આઈટમ નં-૨માં L1 તરીકે એક એજન્સી એવીક્યોર એન્વાયરમેન્ટ સીસ્ટમ,સુરત આવેલ છે. જે બંને આયટમમાં આવેલ L-1 ના ભાવો મંજુર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

ઉપરોક્ત બંને આયટમો માટે મંજુર થયેલ L1 ના ભાવે તમામ એજન્સીઓને કામગીરી કરવાની થાય છે. એટલે કે **એમપેનલમેન્ટ કરી કામગીરી કરવાની થાય છે. જે બાબતે ઉપરોક્ત ૧૨ એજન્સીઓ પૈકી કોનાર્ક ઇન્ફ્રાસ્ટ્રકચરલિ,ઉલ્હાસનગર ધ્વારા L1 ના ભાવે કામગીરી કરવાની અસંમતી દર્શાવેલ છે. જેથી કૂલ-૧૧ એજન્સીઓને** L1 ના ભાવે **એમપેનલમેન્ટ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.** તથા આ અંગે આગળની કાર્યવાહી તથા અમલવારી કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા કરાર કરવાની સત્તા નાયબ મ્યુનિસિપલ કમિશ્નરને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા સદરહુ બાબતની મંજૂરી અર્થે આગામી સામાન્ય સભાને ભલામણ કરવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૬૪**

**કામ નં. ૨૧ - વાપી મહાનગરપાલિકા વોર્ડ નંબર- 5 માં આવેલ મૈત્રી નગરમાં સ્ટ્રીટ લાઈટ લગાવવાના કામની ગ્રાન્ટ ફાળવણી કરવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા બાંધકામ વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકાના વોર્ડ નંબર – 5 માં આવેલ મૈત્રી નગર ખાતે સ્ટ્રીટ લાઇટ લગાવવા અંગે વોર્ડના સભ્યશ્રી શનિ ગોવિંદભાઇ પટેલ, વોર્ડ નંબર – ૫ ધ્વારા રજૂઆત કરવામાં આવેલ કરવામાં આવેલ છે. સદર રજૂઆત અગાઉ તા. ૨૩/૦૭/૨૦૨૬ના રોજ મળેલ વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવેલ જેમાં સ્થાયી સમિતિ દ્વારા ઠરાવ ક્રમાંક ૭૮ કામ નં. ૧૭ થી સદર કામો જરૂરી સર્વે કરી અંદાજો તૈયાર કરવા સર્વાનુમતે

FOR INFORMATION PURPOSE

ઠરાવ કરવામાં આવેલ છે. જે મુજબ અત્રેથી ઉપરોક્ત કામનું જરૂરી સર્વે કરી અંદાજો તૈયાર કરવામાં આવેલ છે. પરંતુ આજની સભામાં ચર્ચા વિચારણા બાદ જણાવવામાં આવ્યું કે, તમામ વોર્ડમાં સર્વે કર્યા બાદ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે, જેથી સદરહુ બાબતને આજની સભામાં મુલતવી રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૬૫**

**કામ નં. ૨૨ - વાપી મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારમાં આવેલ જંકશન ખાતે હાયમસ્ટ લાઈટ લગાવવાના કામ બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા ઇલેક્ટ્રિક વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારમાં આવેલ જંકશન તેમજ ભારે ટ્રાફિક વાળા જંકશન ખાતે જાહેર સલામતીને ધ્યાને લઈ વાપી મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી દ્વારા નીચે દર્શાવલ સ્થળ ખાતે હાયમસ્ટ પોલ લગાવવા સૂચના આપવામાં આવેલ. જે મુજબનું સર્વે કરતાં નીચે દર્શાવેલ વિસ્તારમાં ૧૨ મીટરના નવા હાયમસ્ટ પોલ તમામ એસેસરીઝ તથા લાઇટ સાથે લગાવવાની જરૂરિયાત જણાય છે. જે વિગતોને ધ્યાને લઈ નીચે દર્શાવ્યા મુજબના વિસ્તારમાં નવા હાયમસ્ટ પોલ તમામ એસેસરીઝ તથા લાઇટ સાથે લગાવવાની કામગીરી કરાવવા અંગે જરૂરી અંદાજો તૈયાર કરવામાં આવેલ છે. જેને સિટી ઇજનેરશ્રી દ્વારા તાંત્રિક મંજૂરી હુકમ ક્રમાંક. જા. નં.: મ.ન.પા./ઇલેક. રજી./તાંત્રિક મંજૂરી/વશી-૩૦/૨૦૨૬-૨૭, તા. ૦૧/૧૦/૨૦૨૬ થી તાંત્રિક મંજૂરી આપવામાં આવેલ છે. જે વિગતોને ધ્યાને લઈ વાપી મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારમાં આવેલ જંકશન ખાતે હાયમસ્ટ લાઇટ લગાવવાના કામને મંજુર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

| અ.નં. | વિસ્તારનું નામ | અંદાજીત ખર્ચ. |
|---|---|---|
| ૧ | વાપી મહાનગરપાલિકાના વિસ્તારમાં આવેલ (૧) કરવડ નેવટી ફળિયા ત્રણ રસ્તા ભવાની માતા મંદિર પાસે, (૨) આયુષ હોસ્પિટલ વલસાડ રોડ જંકશન પાસે, (૩) ડુંગરા દાદરીમોરા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે, (૪) છરવાડા સલવાવ કેનાલ રોડ પાસે આવેલ ૫ રસ્તા ખાતે ૧૨ મીટરના નવા હાયમસ્ટ પોલ તમામ એસેસરીઝ તથા લાઇટ સાથે લગાવવાનું કામ. | ૧૯,૧૩,૦૬૬.૦૦ |

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૬૬**

**કામ નં. ૨૩ - સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ના આધારે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ બાયલોઝને મંજુરી આપવા તથા પ્રસિદ્ધ કરવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા સેનિટેશન વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં વધતી જતી વસ્તી, શહેરીકરણ તથા દૈનિક ધોરણે ઉત્પન્ન થતા ઘન કચરાના જથ્થાને ધ્યાને લેતાં શહેરમાં ઘન કચરાના સંગ્રહ, છટણી, પરિવહન, પ્રક્રિયા તથા વૈજ્ઞાનિક નિકાલની કામગીરીને વધુ સુવ્યવસ્થિત, અસરકારક, પારદર્શક તથા કાયદેસર રીતે અમલમાં મૂકવા માટે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ની જોગવાઈઓને આધારે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ બાયલોઝ-૨૦૨૬ તૈયાર કરવામાં આવેલ છે.

તૈયાર કરાયેલ બાયલોઝમાં ઘરગથ્થુ, વ્યાવસાયિક, સંસ્થાકીય તથા અન્ય સ્રોતોમાંથી ઉત્પન્ન થતા કચરાના સ્રોત ઉપર જ ભીનો, સૂકો તથા અન્ય નિર્ધારિત શ્રેણીના કચરાની છટણી, કચરાનો યોગ્ય સંગ્રહ, ડોર-ટુ-ડોર કચરા સંગ્રહ, પરિવહન, કચરાનું પ્રોસેસિંગ, કોમ્પોસ્ટિંગ, રીસાયક્લિંગ તથા વૈજ્ઞાનિક નિકાલ અંગેની જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

તદુપરાંત, બાયલોઝમાં બલ્ક વેસ્ટ જનરેટર (BWG)ની જવાબદારીઓ, વપરાશકર્તા ચાર્જની વસૂલાત, જાહેર સ્થળોએ કચરો ફેંકવા ઉપર પ્રતિબંધ, ગેરકાયદેસર ડમ્પિંગ ઉપર નિયંત્રણ, કચરો સળગાવવા અંગેની જોગવાઈઓ, બાંધકામ અને વિધ્વંસ

FOR INFORMATION PURPOSE

(C&D) કચરાનું વ્યવસ્થાપન, વ્યાપારી તથા સંસ્થાકીય એકમોની જવાબદારીઓ તેમજ નાગરિકો દ્વારા પાલન કરવાની ફરજો અને ઉલ્લંઘનના કિસ્સામાં દંડ/વહીવટી ચાર્જની જોગવાઈઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

આ બાયલોઝનો હેતુ શહેરમાં ઘન કચરાનું સ્ત્રોત ઉપર વિભાજન, યોગ્ય સંગ્રહ, વૈજ્ઞાનિક પ્રક્રિયા અને નિકાલ સુનિશ્ચિત કરવાનો તેમજ જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવી પર્યાવરણનું સંરક્ષણ અને જાહેર આરોગ્યની જાળવણી કરવાનો છે. બાયલોઝ અમલમાં આવવાથી નાગરિકો, વ્યાપારી એકમો, સંસ્થાઓ તથા અન્ય કચરા ઉત્પાદકોની જવાબદારીઓ વધુ સ્પષ્ટ બનશે અને શહેરની સ્વચ્છતા વ્યવસ્થામાં વધુ અસરકારકતા આવશે. તૈયાર કરવામાં આવેલ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ બાયલોઝ-૨૦૨૬નું સંબંધિત વિભાગ દ્વારા પરીક્ષણ/ચકાસણી કરવામાં આવેલ છે અને તે અમલ માટે યોગ્ય જણાય છે.

ઉપરોક્ત હકીકતને ધ્યાને લઇ વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ના અનુસંધાને તૈયાર કરાયેલ આ સાથે સામેલ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ બાયલોઝ-૨૦૨૬ને મંજૂરી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે તથા લાગુ કાયદાકીય પ્રક્રિયા અનુસાર તેને પ્રસિદ્ધ કરવા તથા અમલમાં મૂકવા માટે જરૂરી કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા સદરહુ બાબતની મંજૂરી અર્થે આગામી સામાન્ય સભાને ભલામણ કરવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૬૭**

**કામ નં. ૨૪ - વોર્ડ વાઈઝ સફાઈ કામગીરીના સુપરવિઝન માટે જરૂરી SSAની જગ્યાઓ ભરવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા સેનિટેશન વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકાના વિવિધ વોર્ડમાં સફાઈ કામગીરીનું સુપરવિઝન વ્યવસ્થિત રીતે થાય તથા સફાઈ કામગીરીમાં કોઈપણ પ્રકારની અસર ન પડે તે માટે હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ નીચે મુજબ SSA ની જરૂરિયાત જણાય છે.

1. વોર્ડ નં. ૨: સલવાવ, છરવાડા તથા બલીઠા વિસ્તારનો સમાવેશ થાય છે. હાલમાં આ વોર્ડમાં માત્ર ૧ SSA ફરજ બજાવે છે. વિસ્તાર મોટો હોવાથી સફાઈ કામગીરીનું અસરકારક સુપરવિઝન કરવા માટે વધુ ૧ SSA ની જરૂરિયાત છે.
2. વોર્ડ નં. ૩: છીરી વિસ્તારનો સમાવેશ થાય છે. હાલમાં આ વોર્ડમાં માત્ર ૧ SSA ફરજ બજાવે છે. વિસ્તાર મોટો હોવાથી સફાઈ કામગીરીનું અસરકારક સુપરવિઝન કરવા માટે વધુ ૧ SSA ની જરૂરિયાત છે.
3. વોર્ડ નં. ૫: આસોપાલવ, ગુંજન ચીકુવાડી વિસ્તાર મોટો તથા સફાઈ કામગીરીનું પ્રમાણ વધુ હોવાથી કામગીરીનું યોગ્ય સુપરવિઝન જળવાઈ રહે તે માટે વધુ ૧ SSA ની જરૂરિયાત છે.
4. વોર્ડ નં. ૮: વોર્ડનો મેઈન બજાર, નામધા, ચંડોર વિસ્તાર પણ મોટો હોવાથી સફાઈ કામગીરીના નિયમિત નિરીક્ષણ તથા અસરકારક સુપરવિઝન માટે વધુ ૧ SSA ની જરૂરિયાત છે.
5. વોર્ડ નં. ૧૩:વોર્ડનો હરીયાપર્ક,ડુંગરા વિસ્તાર પણ મોટો હોવાથી સફાઈ કામગીરીના નિયમિત નિરીક્ષણ તથા અસરકારક સુપરવિઝન માટે વધુ ૧ SSA ની જરૂરિયાત છે.

આમ, ઉપરોક્ત વોર્ડોની વિસ્તારની વિશાળતા તથા સફાઈ કામગીરીના પ્રમાણને ધ્યાનમાં લેતા કુલ ૫ SSA ની ૧૧ માસના કરાર આધારિત તદ્દન હંગામી ધોરણે કરાર આધારિત ભરતી/નિમણૂક કરવામાં આવે તો સફાઈ કામગીરીનું દૈનિક સુપરવિઝન, કર્મચારીઓની કામગીરીનું નિરીક્ષણ, ફરિયાદોના તાત્કાલિક નિરાકરણ તથા સફાઈ વ્યવસ્થામાં અસરકારક નિયંત્રણ જાળવી શકાય તેમ છે. વાપી મહાનગરપાલિકાની સફાઈ કામગીરી સુચારુ અને અસરકારક રીતે ચાલુ રહે તેમજ સુપરવિઝનમાં કોઈપણ પ્રકારની ખામી ન સર્જાય તે હેતુસર ઉપરોક્ત મુજબ કુલ ૫ SSA ની જગ્યાઓ તાત્કાલિક આઉટસોર્સિંગ મારફતે ૧૧ માસના કરાર

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૫/૧૦/૨૦૨૬

આધારિત તદ્દન હંગામી ધોરણે કરાર આધારિત લેવાના થાય છે. જે માટે કરવામાં આવેલ કાર્યવાહી અને કામગીરીને આજની સભામાં સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૬૮**

**કામ નં. ૨૫ - વાપી જુથ પાણી પુરવઠા યોજનાનાં માળખાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ પાસેથી હવાલે મેળવવા તથા સંયુક્ત ઈન્ટેકવેલ અને પ્રાદેશિક પાણી પુરવઠાની જવાબદારીઓ નક્કી કરવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા પાણી પુરવઠા વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકાના પાણી પુરવઠાનું સંકલિત સંચાલન કરવા સલવાવનો ૪૯ એમ.એલ.ડી. તથા ચણોદનો ૮.૩ એમ.એલ.ડી. પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ, ચણોદનો સંયુક્ત ઇન્ટેકવેલ તેમજ મંજુર થયેલ નોંધ મુજબનાં સંપ, ઊંચી ટાંકીઓ અને આનુષંગિક માળખાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ પાસેથી હસ્તાંતરણ દ્વારા મેળવવાની કાર્યવાહી કરવાની છે. આ માટે માળખાંની સંયુક્ત ખરાઈ કરી, સક્ષમ રાજ્ય સત્તાની મંજૂરી અને મંજુર થયેલ નોંધમાં દર્શાવેલ શરતોને આધીન સૈદ્ધાંતિક મંજૂરી મેળવવાની રહે છે.

તંબાડી પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ હસ્તાંતરણમાં સામેલ નથી અને તેનું સંચાલન તથા જાળવણી બોર્ડ પાસે જ ચાલુ રહેશે. મહાનગરપાલિકાએ સંયુક્ત ઇન્ટેકવેલમાંથી તંબાડીને માત્ર કાચું પાણી પૂરું પાડવાનું રહેશે. તેના કાચા પાણીના ચાર્જ, સંબંધિત વીજળી તથા સંયુક્ત પંપોની મરામત અને જાળવણીનો વપરાશ આધારિત હિસ્સો બોર્ડે ચૂકવવાનો રહેશે. સલવાવથી અપાતા શુદ્ધ પાણીનો પુરવઠો અને તેનો હિસાબ અલગ રાખવાનો રહેશે.

હસ્તાંતરણ પહેલાંની ખામી, લીકેજ, માળખાકીય નુકસાન તથા હવાલે કબજા બાદ જણાતી પરંતુ હસ્તાંતરણ પહેલાંના કારણોને લગતી છુપી ખામી દૂર કરવાની જવાબદારી બોર્ડની જ રાખવાની છે. બોર્ડ હસ્તકના પ્રાદેશિક નેટવર્કની જાળવણી, જૂનાં લેણાં, દસ્તાવેજો, મીટર અને અવિરત પાણી પુરવઠા અંગેની વિગતવાર શરતો જોડાયેલ નોંધ મુજબ સરકારી હુકમ તથા લેખિત કરારમાં સ્પષ્ટ કરવાની રહે છે.

ઉપરોક્ત કાર્યવાહી માટે રાજ્ય સરકાર સમક્ષ દરખાસ્ત મોકલવા તથા મ્યુનિસિપલ કમિશનરશ્રીને સંયુક્ત તપાસ, પત્રવ્યવહાર અને અનુસરણ કરવા તેમજ સક્ષમ સત્તાની મંજૂરી અને મંજૂર શરતોને આધીન કરાર તથા હવાલે કબજાની કાર્યવાહી કરવા અધિકૃત કરવા અંગે આજની સભામાં દરખાસ્ત આવેલ છે. જે બાબતે આજની સભામાં ચર્ચા વિચારણા કરતા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા રજુ થયેલ દરખાસ્ત વાપી મહાનગરપાલિકાના હિતમાં હોય મહાનગરપાલિકાને આર્થિક ફાયદો તથા નાગરીકોને સારી સુવિધા મળી રહે તે માટે રજુ થયેલ દરખાસ્તને મંજૂરી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. આ સૈદ્ધાંતિક મંજૂરીથી અનિર્ધારિત ખર્ચ કે બોર્ડનાં જૂનાં લેણાં સ્વીકારવાનાં નથી. જેની મંજૂરી અર્થે આગળની કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. જે માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૬૯**

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૫/૧૦/૨૦૨૬

**કામ નં. ૨૬ - વાપી મહાનગરપાલિકાનાં વિવિધ વિસ્તારોમાં પેચવર્કની કામગીરી કરવા બાબત.**

વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ધ્વારા પાણી પુરવઠા વિભાગના ઉક્ત કામ અંગેની દરખાસ્ત આજની સભામાં રજુ કરવામાં આવી, જેમાં જણાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકાનાં વિવિધ વિસ્તારોમાં ચોમાસા ઋતુ દરમ્યાન પાણી ભરવાના કારણે, ડ્રેનેજ વિભાગની ગટરની કામગીરી તથા પાણી વિભાગની કામગીરી માટે ખોદવામાં આવેલ ખાડાઓના કારણે રસ્તાઓને નુકશાન થયેલ છે. તથા ચોમાસાની ઋતુ પહેલા અત્રેથી ડામર રોડના વાપી મહાનગરપાલિકાં વિસ્તારમાં આવેલ જુના નાળા પાસે તુલસી વિહાર એપાર્ટમેન્ટને લાગુ રોડ, ચલા શાલીગ્રામ સોસાયટી રોડ, ચલા નિરંકારી નગરી રોડ, તથા અન્ય રોડ ઉપર પેચવર્કની કામગીરી કરવા માટે નોંધ મૂકી કામ મંજુર કરાવેલ હતું જે રોડ ઉપર હાલે ચોમાસા ઋતુ બાદ સ્થળ સ્થિતિને આધિન ઉપરોકત રસ્તાઓ વધારે ખરાબ થયેલ હોય જેથી અગાઉ લેવામાં આવેલ જથ્થા કરતા હાલે વધારે જથ્થો લેવાની જરૂરિયાત જણાય છે. તથા આ ઉપરાંત વાપી પશ્ચિમમાં આવેલ નવા નાળા તરફ જતો રોડ, બલીઠા આર.યુ.બી તરફ જતો રોડ તથા ચલાના વિવિધ રસ્તાઓ ઉપર રિસ્ટોરેશનની કામગીરી કરવી પડે એમ છે. વધુમાં ઉપરોકત વાર્ષિકભાવના ટેન્ડરની બીડ ડ્યુ ડેટ તા-૦૧/૦૪/૨૦૨૬ પહેલાની હોય જેથી સરકારશ્રીનાં પ્રાઈઝ વેરીએશન/પ્રાઈસ એસ્કેલેશન નાં પરિપત્રને આધિન પ્રાઈઝ વેરીએશન/પ્રાઈસ એસ્કેલેશનની રકમ આપવાપાત્ર હોય તો તે સમયગાળા બાબતનો પરિપત્ર પ્રસિધ્ધ થયેથી તફાવતની રકમ અત્રેથી ચૂકવાની થશે આમ ઉપરોક્ત કામ માટે સને ૨૦૨૬-૨૭ ના મંજૂર થયેલ વાર્ષિક ભાવે આવેલ સભ્યશ્રીઓની રજુઆતો અન્વયે તથા ચેરમેનશ્રી સ્થાયી સમિતિનાં સૂચનોને ધ્યાને લઇ અંદાજ તૈયાર કરવામાં આવેલ છે. જે કામનો અંદાજિત ખર્ચ રૂ.૫૭,૨૭,૩૮૦/- + ૧૮.00% G.S.T. અલગથી થાય એમ છે. સદરહુ બાબતે આજની સભામાં સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. વધુમાં સદરહુ બાબતે આજની સભામાં જણાવવામાં આવ્યું કે, જે કોઈ રોડ ગેરેંટી પિરિયડમાં હોય તે જે તે ઠેકેદારશ્રી પાસેથી જ એ રોડના પેચવર્કની કામગીરી કરવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૭૦**

**કામ નં. ૨૭ - વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં (૧) કરવડ આદર્શ નગરી-૧ આંગણવાડી (૨) નામધા આમલ ફળિયા આંગણવાડી ડેવલપ કરવાનાં કામે રિવાઇઝડ અંદાજ મંજૂર કરવા બાબત.**

વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં (૧) કરવડ આદર્શ નગરી-૧ આંગણવાડી (૨) નામધા આમલ ફળિયા આંગણવાડી ડેવલપ કરવાના કામે આપ કન્સલ્ટન્ટ તરીકે ફરજ બજાવો છે. જે અન્વયે આ કામના ઠેકેદારશ્રી દ્વારા સદર કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે ઠેકેદારશ્રી દ્વારા સંદર્ભ હેઠળના જણાવેલ છે કે નામધા આમલ ફળિયા આંગણવાડી બનાવવા માટે સ્થળ ઉપર જગ્યા ઓછી મળવાના કારણે કામની ડીઝાઈનમાં ફેરફાર થવાના લીધે નવી ડીઝાઈન મુજબ ગ્રાઉન્ડ + પ્રથમ માળની આંગણવાડી બનાવવાનું આયોજન કરવામાં આવેલ હતું જેથી સ્થળ સ્થિતિને આધિન અંદાજમાં ફેરફાર થાય એમ છે. એવું જણાવેલ છે. જેથી ઠેકેદારશ્રીની રજૂઆત અન્વયે આ કામના કન્સલ્ટન્ટ પાસેથી ખરેખર હકીકતલક્ષી રીવાઈઝડ અંદાજ તૈયાર કરી આપના જરૂરી અભિપ્રાય સહિતનો એકસેસ સેવિંગના સ્ટેટમેન્ટ સહિત રિવાઇઝડ અંદાજ રજુ કરવા જણાવેલ હતું જે અન્વયે કન્સલ્ટન્ટશ્રી સાર્થક કન્સલ્ટન્ટસ, સુરત દ્વારા સંદર્ભ હેઠળનાં પત્રથી અત્રે રીવાઇઝડ અંદાજ રજુ કરવામાં આવેલ છે. જેમાં મૂળ અંદાજીત રકમ રૂ.૪૨,૦૧,૦૭૧.૦૦ ના ૬.૯૧% વધારેથી (એટલે કે રૂ.૪૪,૯૨,૪ ૩૪.૧૧) + ૧૮.૦૦ % G.S.T. અલગથીનો મંજૂર થયેલ હતો. + ૧.૦૦% Q.c. + 4.00 % Contigency સાથે રૂ.૫૩,૦૧,૦૭૩.૦૦ હતો. જે અન્વયે કન્સલ્ટન્ટશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ એક્સેસ સેવિંગ સહિતનો રીવાઇઝડ અંદાજ મુજબ રૂ.૪૧,૦૬,૩૯૮.૦૦ ના ૬.૯૧% વધારેથી સાથે ( અંડર ૩૦.૦૦% માટે) + ૧૮.૦૦ % G.S.T. અલગથી સાથે રૂ.૫૧,૮૦,૩૭૭.૦૦ થાય છે. અને ( એબોવ ૩૦.૦૦% માટે) રૂ. ૧,૦૦,૧૦૨.૦૦ + ૧૮.૦૦ % G.S.T. અલગથી સાથે રૂ.૧,૧૮,૧૨૧.૦૦ થાય છે. આમ કુલ એક્સેસ સેવિંગ સ્ટેટમેન્ટ મુજબ રૂ.૫૨,૯૮,૪૯૮.૦૦ નો નેટ અંદાજ મંજુર કરવાનો થાય છે. આમ મૂળ ટેન્ડર કરતા રૂ. ૨,૫૭૫.૦૦ ની બચત થાય એમ છે. જે ધ્યાને લઈ ઉપરોક્ત કામે કન્સલ્ટન્ટશ્રી

FOR INFORMATION PURPOSE

દ્વારા રજુ કરેલ રીવાઇઝડ એક્સેસ સેવિંગ સ્ટેટમેન્ટ સહિતનો અંદાજ મંજૂર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા તે મુજબ ઠેકેદારશ્રીને રીવાઇઝડ વર્કઓર્ડર આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૭૧**

**કામ નં. ૨૮ - વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ કુંતા કલારિયા તરફ જતો રોડ સાઈટ ડેવલપમેંન્ટ કરવાના કામે રિવાઇઝડ અંદાજ મંજૂર કરવા બાબત.**

વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ કુંતા કલારિયા તરફ જતો રોડ સાઈટ ડેવલપમેંન્ટ કરવાના કામે આપ કન્સલ્ટન્ટ તરીકે ફરજ બજાવો છે. જે અન્વયે આ કામના ઠેકેદારશ્રી દ્વારા સદર કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે ઠેકેદારશ્રી દ્વારા સંદર્ભ હેઠળના જણાવેલ છે કે હયાત ડામર રોડ ઉપર આર.સી.સી. રોડ બનાવાના કારણે રોડની હાઈટ વધી ગયેલ છે. અને રસ્તાની બાજુ ઘણી નીચી થઈ ગયેલ હોવાથી રસ્તો લેવલ કરવા માટે માટી પુરાણ કરી પી.સી.સી. કરી ત્યારબાદ કર્બ સ્ટોન લગાવવા પડે એમ છે. અને ટેન્ડરમાં માટીની આઈટમ કર્બ સ્ટોનની આઈટમ તથા પી.સી.સી.ની આઈટમનાં જથ્થામાં વધારો થાય એમ છે. તથા સ્થળ સ્થિતિને આધિન પેવરબ્લોકની આઈટમમાં પણ વધારો થાય છે. એવું જણાવેલ છે. જેથી ઠેકેદારશ્રીની રજૂઆત અન્વયે આ કામના કન્સલ્ટન્ટ પાસેથી ખરેખર હકીકતલક્ષી રીવાઈઝડ અંદાજ તૈયાર કરી આપના જરૂરી અભિપ્રાય સહિતનો એકસેસ સેવિંગના સ્ટેટમેન્ટ સહિત રિવાઇઝડ અંદાજ રજુ કરવા જણાવેલ હતું જે અન્વયે કન્સલ્ટન્ટશ્રી સાર્થક કન્સલ્ટન્ટસ, સુરત દ્વારા સંદર્ભ હેઠળનાં પત્રથી અત્રે રીવાઇઝડ અંદાજ રજુ કરવામાં આવેલ છે. જેમાં મૂળ અંદાજીત રકમ રૂ.૧,૫૮,૦૩,૬૦૮.૦૦ ના ૧.૮૯% વધારેથી (એટલે કે રૂ.૧,૬૧,૦૨,૨૯૬.૧૯) + ૧૮.૦૦ % G.S.T. અલગથીનો મંજૂર થયેલ હતો. + ૧.00% Q.c. + 4.00 % Contigency સાથે રૂ.૧,૯૮,૦૫,૮૨૫.૦૦ હતો. જે અન્વયે કન્સલ્ટન્ટશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ એક્સેસ સેવિંગ સહિતનો રીવાઇઝડ અંદાજ મુજબ રૂ.૧,૧૪,૬૪,૭૭૭.૦૦ ના ૧.૮૯% વધારેથી સાથે ( અંડર ૩૦.૦૦% માટે) + ૧૮.૦૦ % G.S.T. અલગથી + ૧.૦૦% Q.c. + 4.00 % Contigency સાથે રૂ.૧,૪૧,૦૧,૬૭૬.૦૦ થાય છે. અને ( એબોવ ૩૦.૦૦% માટે) રૂ. ૪૬,૩૭,૧૬૦.૦૦ + ૧૮.૦૦ % G.S.T. અલગથી + ૧.૦૦% Q.c. + 4.00 % Contigency સાથે રૂ.૫૭,૦૩,૭૦૭.૦૦ થાય છે. આમ કુલ એક્સેસ સેવિંગ સ્ટેટમેન્ટ મુજબ રૂ.૧,૯૮,૦૫,૩૮૩.૦૦ નો નેટ અંદાજ મંજુર કરવાનો થાય છે. આમ મૂળ ટેન્ડર કરતા રૂ. ૪૪૨.૦૦ ની બચત થાય એમ છે. જે ધ્યાને લઈ ઉપરોક્ત કામે કન્સલ્ટન્ટશ્રી દ્વારા રજુ કરેલ રીવાઇઝડ એક્સેસ સેવિંગ સ્ટેટમેન્ટ સહિતનો અંદાજ મંજૂર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા તે મુજબ ઠેકેદારશ્રીને રીવાઇઝડ વર્કઓર્ડર આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૭૨**

**કામ નં. ૨૯ - વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં (૧) મુકતાનંદ માર્ગથી કસ્ટમ રોડને જોડતો કેનાલને લાગુ રોડ (૨)દમણ રોડ ચીકુવાડીથી મુકતાનંદ માર્ગને જોડતો રોડ બનાવવાનું કામ બાબત.**

વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં (૧) મુકતાનંદ માર્ગથી કસ્ટમ રોડને જોડતો કેનાલને લાગુ રોડ (૨) દમણ રોડ ચીકુવાડીથી મુકતાનંદ માર્ગને જોડતો રોડ બનાવવા ઠેકેદારશ્રી વિક્રમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની, વાપી દ્વારા ચાલી રહેલ છે. જે અન્વયે આ કામના ઠેકેદારશ્રી દ્વારા સદર કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે ઠેકેદારશ્રી દ્વારા સંદર્ભ હેઠળના પત્રથી જણાવેલ છે કે ચાલુ કામગીરી દરમ્યાન ખોદાણ કરતા તેઓને એક થી બે ફૂટ બાદ કાળી માટી હોવાનું માલુમ પડેલ હોય જેથી તેઓ દ્વારા માટીનું ટેસ્ટિંગ કરાવી CBR વેલ્યુનો રિપોર્ટ મેળવવામાં આવેલ જે રિપોર્ટ મુજબ ઠેકેદાર દ્વારા મૂળ ટેન્ડરમાં લેવામાં આવેલ રોડની ડિઝાઇનમાં સોઈલ રિપોર્ટને ધ્યાને રાખી ફેરફાર કરી રીવાઈઝડ ડીઝાઇન તેમજ અંદાજ તૈયાર કરી મંજુર કરી આપવા રજૂઆત કરેલ છે. જેથી ઠેકેદારશ્રીની રજૂઆત અન્વયે આ કામના કન્સલ્ટન્ટ પાસેથી ખરેખર હકીકતલક્ષી રીવાઈઝડ અંદાજ તૈયાર કરી જરૂરી અભિપ્રાય સહિતનો એકસેસ સેવિંગના સ્ટેટમેન્ટ સહિત રિવાઇઝડ અંદાજ રજુ કરવા જણાવેલ હતું જે અન્વયે કન્સલ્ટન્ટશ્રી ક્રિષ્ણા કન્સલ્ટન્ટ, આણંદ દ્વારા સંદર્ભ હેઠળનાં પત્રથી અત્રે રીવાઇઝડ અંદાજ રજુ કરવામાં આવેલ છે. જેમાં મૂળ

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૫/૧૦/૨૦૨૬

અંદાજીત રકમ રૂ.૭,૨૧,૭૪,૩૦૦,૦૦ ના ૫.૧૧% વધારેથી (એટલે કે રૂ.૭,૫૮,૬૨,૪૦૬.૭૩) + ૧૮.૦૦ % G.S.T. અલગથી હતો. જે અન્વયે કન્સલ્ટન્ટશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ એક્સ્ટ્રા એક્સેસ સેવિંગ સહિતનો રીવાઇઝડ અંદાજ મુજબ રૂ.૭,૯૬,૨૧,૦૦૧.૦૦ + ૧૮.૦૦ % G.S.T, અલગથી થાય એમ છે. આમ મૂળ મંજુર થયેલ રકમ કરતા છે. આમ મૂળ ટેન્ડર કરતા રૂ. ૩૭,૪૯,૫૯૪.૦૦ નો વધારેનો ખર્ચ થાય એમ છે. જે ધ્યાને લઈ ઉપરોક્ત કામે કન્સલ્ટન્ટશ્રી દ્વારા રજુ કરેલ રીવાઇઝડ એક્સેસ સેવિંગ સ્ટેટમેન્ટ સહિતનો અંદાજ મંજૂર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. વધારાનો ખર્ચ મહાનગરપાલિકા પાસે ઉપલબ્ધ ફંડ અને/અથવા સંભવિત મળનાર ગ્રાન્ટ માંથી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા તે મુજબ ઠેકેદારશ્રીને રીવાઇઝડ વર્કઓર્ડર આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૭૩**

**કામ નં. ૩૦ - વાપી મહાનગરપાલિકાના વિવિધ વિભાગના ઓગષ્ટ તથા સપ્ટેમ્બર માસમાં થયેલ ખર્ચ અંગેના પત્રક-અ અને પત્રક-બ ને બહાલી આપવા બાબત.**

વાપી મહાનગરપાલિકા દ્વારા નીચે દર્શાવેલ વિગત અનુસાર પત્રક-અ તથા પત્રક-બ મુજબ વિવિધ કામના થયેલ/થનાર ખર્ચની તે સાથે સામેલ વિગત અનુસાર સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજુરીથી કરાવેલ કામોએ થયેલ રૂા.૧૦૦૦/- કરતા વધુ રકમના થયેલ/થનાર ખર્ચ તથા રૂા.૫૦૦૦/-થી વધુ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક UDUHD/MSM/e-file/18/2025/0773/P Section તા.૧૨.૦૨.૨૦૨૫થી રૂ.૫૦૦૦૦૦/- સુધીની રકમના થયેલ/થનાર ખર્ચની ધી.જી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ની કલમ ૭૩(ધ)(ઊ) અન્વયે સ્થાયી સમિતિને જાણ કરવાની થાય છે. જેને આજની સભામાં સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | ખાતાનું નામ | માસ | પત્રક-અ | | પત્રક-બ | |
|---|---|---|---|---|---|---|
| | | | કામની સંખ્યા | ખર્ચ રૂ./- | કામની સંખ્યા | ખર્ચ રૂ./- |
| ૧ | જાહેર બાંધકામ વિભાગ | ઓગષ્ટ | ૪૦ | ૮૮૧૦૫૭૩૭ | ૦૪ | ૩૧૮૫૮ |
| ૨ | પાણી પુરવઠા વિભાગ | ઓગષ્ટ | ૭૦ | ૩૮૭૫૧૩૧૩ | ૦૦ | ૦૦ |
| ૩ | જાહેર બાંધકામ વિભાગ | સપ્ટેમ્બર | ૨૧ | ૭૦૮૦૬૯૧ | ૦૦ | ૦૦ |
| ૪ | હિસાબી વિભાગ | સપ્ટેમ્બર | ૦૦ | ૦૦ | ૧૯ | ૬૨૭૪૫૦૬ |

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૭૪**

**કામ નં. ૩૧ – ચેરમેન સ્થાનેથી રજુ થયેલ કામ.**

**કામનું નામ: વાપી મહાનગરપાલિકાના સ્વભંડોળ ખાતામાં નાણાં ટ્રાન્સફર કરવા બાબત**

વાપી મહાનગરપાલિકાના સ્વભંડોળ ખાતાની તા. ૧૨/૧૦/૨૦૨૬ ની સ્થિતિએ નાણાકીય સ્થિતિ અને બાકી ચૂકવણાની વિગતો નીચે મુજબ છે:

- સ્વભંડોળ ખાતામાં હાલની જમા સિલક: રૂ. ૫૨,૬૯,૮૪૫/-
- હિસાબી વિભાગમાં રજૂ થયેલ બિલની રકમ: રૂ. ૨,૭૭,૫૦,૪૬૯/- (વિવિધ વિકાસના કામોના ચૂકવણા અર્થે)
- ઓડિટ વિભાગમાં પેન્ડિંગ/રજૂ થયેલ બિલની રકમ: આશરે રૂ. ૧,૫૦,૦૦,૦૦૦/-

FOR INFORMATION PURPOSE

## વાપી મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધ

તા.૧૫/૧૦/૨૦૨૬

........................................................................................................................................................

વાપી મહાનગરપાલિકાના સ્વભંડોળ ખાતામાં ઉપલબ્ધ જમા રકમ (રૂ. ૫૨.૬૯ લાખ) ની સરખામણીમાં હિસાબી અને ઓડિટ વિભાગમાં ચૂકવણા માટે આવેલી કુલ બિલ રકમ ઘણી વધારે છે.સ્વભંડોળની અપૂરતી રકમના કારણે વિકાસના કામો સાથે સંકળાયેલા કોન્ટ્રાક્ટરોના બિલ ચૂકવવામાં વિલંબ થઈ શકે છે, જેની સીધી અસર મહાનગરપાલિકાના વિકાસ કાર્યો અને વહીવટી કામગીરી પર પડે તેવી શક્યતા છે. ઉપરોક્ત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, સમયસર અને વિલંબ વગર બિલનું ચૂકવણું થઈ શકે તે માટે વાપી મહાનગરપાલિકાના સ્વભંડોળ ખાતામાં જરૂરી નાણાં તાત્કાલિક ટ્રાન્સફર કરવા જરૂરિયાત જણાય છે. જે આજની સભામાં સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

**સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૭૫**

-સહી-
(સતીષભાઈ ગંગારામ પટેલ)
ચેરમેન,સ્થાયી સમિતિ
વાપી મહાનગરપાલિકા

FOR INFORMATION PURPOSE